મે ૨૦૨૧

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫



આત્મા અરીસા જેવો છે.
અરીસાની પેઠ એનો
સ્વભાવ જ એવો છે કે
એની મહીં આખું
બ્રહ્માંડ દેખાયા કરે,
ઝળકે મહીં.



# દાદા ભગવાનના સોનેરી સૂત્રો

અક્કલ તો
તેનું નામ કહેવાય
કે મતભેદ ટાળે.





પોતાની વાતનું
રક્ષણ કરવું,
તે જ મોટામાં મોટી
હિંસા છે.

ખરો પ્રેમ તો
એનું નામ કહેવાય કે
કોઈ પણ સંજોગોમાં
તૂટે નહીં.





આ 'વર્લ્ડ'માં કોઈ
તમારો ઉપરી જ નથી.
'તમારી ભૂલો'એ જ
તમારો ઉપરી છે !

જે કોઈને
દુઃખ આપતો નથી,
તેનું ભગવાન
પણ નામ લેતા નથી.





વ્યાપારમાં
ધર્મ હોવો ઘટે,
ધર્મમાં વ્યાપાર
ન હોવો ઘટે.

પોતે પોતાની
જાતને સળગાવવી,
તેનું નામ ચિંતા.





ભૂલ વગરના થવું હોય તો
સામાની માફી માંગવી અને
ભૂલ વધારવી હોય તો
સામા પાસે માફી મંગાવવી.

આ જગત એ
તો પડઘા સ્વરૂપ છે,
એટલે તમે જે આપશો
તે જ પાછું મળશે.





વિષય-વિકારથી જ
વેર ઊભાં થાય છે ને
વેરથી સંસાર ચાલુ રહ્યો છે.
વેર બધાં આસક્તિમાંથી
ઊભાં થાય છે.

'જ્ઞાની પુરુષ'
આ સંસાર જાળમાંથી
છૂટવાનો રસ્તો દેખાડે,
અને આપણને લાગે કે આપણે
આ ઉપાધિમાંથી છૂટ્યા !





આ જગતનાં
સર્વ દુઃખોનું મૂળ કારણ,
પોતાનાં સ્વરૂપની
અજ્ઞાનતા છે.

વર્ષ : ૨૬, અંક : ૯
સળંગ અંક : ૩૦૯
**મે ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## દૃષ્ટાંત અરીસાનું, સમજીએ સ્વરૂપ આત્માનું

### સંપાદકીય

જ્ઞાની પુરુષ 'દાદા ભગવાને' આપેલા અક્રમ વિજ્ઞાનના ભેદજ્ઞાનથી આપણને મૂળ આત્માની પ્રતીતિ બેસી જાય છે. હવે પાંચ આજ્ઞા પાળવાથી જાગૃતિ વધે અને જાગૃતિથી પાંચ આજ્ઞા પાળી શકાય. પણ શુદ્ધ ઉપયોગમાં આવવા આત્માના ગુણો, સ્વભાવ અને સ્વરૂપનું આરાધન હોવું ઘટે. દાદાશ્રી સ્વ-પુરુષાર્થ થકી આત્માના ગુણો, સ્વભાવ અને સ્વરૂપ સ્પષ્ટપણે સમજી સંપૂર્ણ-સર્વાંગ અનુભવ લઈને પોતે તે રૂપ જ થઈ ગયા. પ્રત્યેક ગુણધર્મો સહિત આત્મા અનુભવમાં વર્તાયો. તેથી જ તેઓ આત્માના ગુણધર્મને, સ્વભાવને, સ્વરૂપને જેમ છે તેમ દૃષ્ટાંત સાથે વાણી દ્વારા સમજાવી શક્યા અને મહાત્માઓને પણ એવું દેખાતું થાય એવી સમજ આપી શક્યા.

પ્રસ્તુત અંકમાં આત્માના ફિઝિકલ (સ્થૂળ) સ્વરૂપને વર્ણન કરવા માટે અરીસાની સિમિલિ દ્વારા આત્માના સ્વરૂપનું વર્ણન કર્યું છે. આત્મા અરીસા જેવો છે. અરીસામાં બહારની બધી વસ્તુઓ ઝળકે એમ આત્મામાં એની મહીં આખું બ્રહ્માંડ ઝળકે. એને પોતાને બહાર જોવા જવું ના પડે. ફક્ત અરીસો જડ છે અને આત્મા ચેતન છે.

અરીસાની ઈચ્છા વગર અરીસામાં બધું દેખાય. જો અરીસો જીવતો હોત તો કહેત કે તમે બધા બહાર ઊભા છો, પણ મને મહીં દેખાય છે. પણ અરીસામાં ચેતન નથી અને આત્મામાં ચેતન છે એટલે કહે છે, મને આ દેખાય છે. ખરેખર આત્માને બહાર જોવાની શક્તિ નથી. આ તો પોતાના સ્વભાવને લઈને બધી વસ્તુઓ પ્રકાશમાન થાય છે. તેને જ પોતે જુએ છે. ભ્રાંતિથી પોતે કર્તા ને ભોક્તા થઈ બેઠો છે વિભાવમાં. આત્મા પોતે પ્રકાશક વસ્તુ છે, એમાં જગતનું પ્રતિબિંબ પડે છે એટલે પોતાને ગભરામણ થાય છે કે આ શું છે બધું ? કોણે કર્યું આ ? પછી 'મેં કર્યું' એવી ભ્રાંતિ ઊભી થઈ જાય છે. જગત પોતાની અંદર પ્રકાશે છે તે ઉપાધિ છે, તેમાં 'હું આ છું, મેં આ કર્યું' માનવાથી સંસાર ઊભો રહ્યો છે.

આવા કાળમાં આત્માના સ્વરૂપનું વર્ણન વાણી દ્વારા શબ્દોમાં આપી શકે તેવા જ્ઞાની પુરુષને ધન્ય છે ! અને આપણા જેવા કળિયુગી જીવોના પુણ્યનેય ધન્ય છે કે તે ગુહ્યતમ તત્ત્વની વાત આપણને જ્ઞાની પાસે સાંભળવા મળી, વાંચવા મળી, એમના સત્સંગ રૂપે સમજવા મળી. અક્રમ એટલે કારણ મોક્ષ થઈ ગયો, હવે જેટલા કર્મો બાકી રહ્યા છે તેને જ્ઞાતા-દ્રષ્ટાપૂર્વક નિવેડો લાવે તો આત્યંતિક મોક્ષ થઈ જાય. જેમ અરીસામાં બધું ઝળક્યા કરે એવી જ રીતે મોક્ષે ગયેલા આત્માઓને સિદ્ધક્ષેત્રે બધા જ્ઞેયો ઝળકે. હવે મહાત્માઓને મૂળ આત્મસ્વરૂપને જેમ છે તેમ અનુભવવું તે જ એક માત્ર ધ્યેય છે. તે ધ્યેયની પરિપૂર્ણતા માટે આત્માનો જ્ઞાતા-દૃષ્ટાનો ગુણ અરીસાની સિમિલિ દ્વારા અભ્યાસ કરી પોતાનું સ્વ-સુખ અનુભવાય એ જ હૃદયથી અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# દૃષ્ટાંત અરીસાનું, સમજીએ સ્વરૂપ આત્માનું

## વિનાશી જગ જોડે આત્મસંબંધ

**પ્રશ્નકર્તા :** આત્માની સમજણ પડ્યા પછી આ જગતની વિનાશી ચીજો સાથે આત્માને શું સંબંધ ?

**દાદાશ્રી :** સિનેમા જોવા ગયેલા તમે કોઈ વખત ? તે આપણે સિનેમા જોડે શું સંબંધ ? એ જે હોય છે ત્યાં એ લૂગડાંનો મોટો પડદો. તે પડદા જોડે આપણો સંબંધ ખરો ? શું સંબંધ આપણે ?

**પ્રશ્નકર્તા :** જોવાનો ખાલી.

**દાદાશ્રી :** બસ ત્યારે, એવું આય જોવાનું જ છે બધું. બીજો કોઈ સંબંધ નથી. ના જુએ તો આત્મા ઊડી જાય. એટલે જોવું જ પડે. જ્ઞેય ના હોય તો જ્ઞાતા ના હોય. જ્ઞેયની હાજરી એ જ્ઞાતાની હાજરી સૂચવે છે.

સિનેમા ચાલુ હોય ત્યાં સુધી જોનારની કિંમત, નહીં તો જો એ સિનેમા બંધ હોય તો જોનારની કિંમત નહીં.

## જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ

(આત્માનો) નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનો જ છે. જે આત્મા આપ્યો હતો ને શુદ્ધાત્મા, તે સ્વભાવ જ એનો જ્ઞાયક છે. જ્ઞેય હાજર થાય કે આ જ્ઞાયક પોતે પોતાની જાગૃતિ બતાવે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે વ્યવહારમાં કેવી રીતે એને ઉતારવું ?

**દાદાશ્રી :** વ્યવહારમાં જ હોય છે આ. એ વ્યવહાર જ્ઞેય છે અને નિશ્ચય જ્ઞાયક છે. બેનો સંબંધ જ છે આ. વ્યવહાર-નિશ્ચયનો સંબંધ જ છે. વ્યવહારમાં જ્ઞેય સિવાય કોઈ વસ્તુ નથી. વ્યવહારમાં જ્ઞાતા કોઈ નથી અને નિશ્ચયમાં જ્ઞાતા સિવાય બીજી કોઈ વસ્તુ નથી.

**પ્રશ્નકર્તા :** એ તો બરોબર સમજાયું. એટલે વ્યવહારમાં પાંચ-છ કાર્યો ભેગા થાય એટલે પેલો જ્ઞાતા-દ્રષ્ટાનો ભાવ જતો રહે. પછી અમુક ટાઈમે પાછો આવી જાય.

**દાદાશ્રી :** ના, જતું ના રહે. એ તો આ પેલું ભાસે છે એવું, એવું જતું નથી.

**પ્રશ્નકર્તા :** બીજી વિભાવ દશામાં તન્મયાકાર થઈ જવાય છે.

**દાદાશ્રી :** જતું ના રહે. એવું છેને કે આપણે અહીં આગળ લાઈટ હોય, આપણે ઊંઘી જઈએ એટલે આપણને મહીં અંધારું દેખાય. જરા ડોઝીંગ થાય એટલે કંઈ લાઈટ જતું રહ્યું નથી. લાઈટ તો તેનું તે જ પ્રકાશમાન છે. એટલે આ જે વ્યવહાર છે એ બધો જ્ઞેય સ્વરૂપે છે અને નિશ્ચય છે એ જ્ઞાયક સ્વરૂપે છે. હવે બેનો સંબંધ થયો. જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ થયો આ.

એટલે જ્ઞાતા-દ્રષ્ટાનો ઊંચામાં ઊંચો અર્થ પેલો છે. પોતે અંદરખાને શું કરી રહ્યો છે, મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધાં શું કરી રહ્યાં છે, એ બધાને સર્વસ્વ રીતે જાણે અને જુએ, બસ. બીજું કશું નહીં.

તમે આત્મા જ છો ને જ્ઞાતા-દ્રષ્ટા છો. આ થાય કે તે થાય, તમારે જ્ઞાતા-દ્રષ્ટાપણું જો જરાક છોડ્યું તો મહીં ઉપાધિ થશે. તમે છો એ છો. આ તો જે જ્ઞાન આપ્યું છે, 'આપણે શુદ્ધાત્મા છીએ' એ જ્ઞાન તેનું તે જ રહેવું જોઈએ.

## આત્માને ન જરૂર કોઈની

**પ્રશ્નકર્તા :** જ્યારે આપણે કહીએ છીએ કે

શુદ્ધાત્મા ફક્ત જ્ઞાતા-દ્રષ્ટા છે, ત્યારે દ્રષ્ટા છે એ વાત સમજાય છે. પણ જ્યારે આત્મા જ્ઞાતા છે એમ કહીએ છીએ, ત્યારે આત્મા કયા માધ્યમ દ્વારા જ્ઞાન મેળવે છે ? આત્મા પ્રકૃતિના માધ્યમનો તો ઉપયોગ નહીં જ કરતો હોય ને ?

**દાદાશ્રી :** કોઈનો ઉપયોગ તો કરે નહીં, પણ કોઈની હેલ્પેય ખોળે નહીં. આત્મા સ્વતંત્ર છે. આત્મા પરમાત્મા છે. એની પોતાની અનંત શક્તિ છે. તે આત્માને બીજા પાસેથી જ્ઞાન લેવું પડતું નથી. જેનું બોડી જ જ્ઞાન છે, એ પોતે જ જ્ઞાન સ્વરૂપ છે, વિજ્ઞાન સ્વરૂપ છે. પછી જ્ઞાન કોઈની મારફત લેવાનું જ ક્યાં રહ્યું ?

**પ્રશ્નકર્તા :** આપણે જ્યારે પ્રકૃતિને દ્રષ્ટા તરીકે જોતા હોઈએ એ બરોબર છે, પણ જ્યારે આપણે એના જ્ઞાતા થઈએ તો તે વખતે પ્રકૃતિનું કંઈ પણ માધ્યમ, કંઈ પણ વિચાર હોય કે બીજું કંઈ પણ, એના ગુણ, એના માધ્યમથી જ આપણને જાણપણું આવે છે. નહીં તો આપણને જાણપણામાં કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** ના, પોતે સ્વભાવથી જ જાણપણાવાળો છે. આ જે જાણ પ્રકૃતિ લાવે છે ને, પ્રકૃતિમાં આવે છે ને, તે આત્મામાંથી આરોપણ કરેલું છે. એ તો પોતાના જાણપણામાંથી આરોપણ કરીને પ્રકૃતિમાં આવે ત્યારે એ પ્રકૃતિનું જાણપણું. આ બુદ્ધિ એ પોતાનું આરોપણ છે, બીજું કશું નહીં. એટલે આ આત્મા સિવાય બીજી કોઈ જગ્યાએ જાણપણું છે જ નહીં. અહીં જ જાણપણું બધું ઉત્પન્ન થયેલું છે. જ્ઞાતા-દ્રષ્ટા બે ગુણ હોય તો આત્માના જ ગુણ, એ સિવાય બીજી કોઈ જગ્યાએ જ્ઞાતા-દ્રષ્ટા છે નહીં અને પ્રકૃતિ જે જાણે છે તે આત્માના આરોપણથી જાણે છે. બીજું કશુંય નહીં. પ્રકૃતિમાં જાણપણું છે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** એટલે શું, આરોપણ નહીં કરવું ?

**દાદાશ્રી :** નહીં કરવું એ ભાષા જ ખોટી છે.

**પ્રશ્નકર્તા :** તો પછી હવે આ જ્ઞાતા-દ્રષ્ટા કેવી રીતના રહેવું ? પ્રકૃતિના કોઈ પણ માધ્યમ કે કંઈ પણ સહારો લીધા વગર ડાયરેક્ટ જ્ઞાતા-દ્રષ્ટા કેવી રીતના રહેવું ?

**દાદાશ્રી :** એનો સ્વભાવ જ જ્ઞાતા-દ્રષ્ટા, એટલે તમને સમજાવું. જ્ઞાતા-દ્રષ્ટા તમે તમારી ભાષામાં સમજ્યા છો.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે જે કહીએ છીએ કે આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે એ બરાબર છે. હવે આત્મા જો જ્ઞાતા-દ્રષ્ટા હોય તો સૂક્ષ્મ શરીરની મદદથી થતો હશે જ્ઞાતા-દ્રષ્ટા ?

**દાદાશ્રી :** ના. જેમ અરીસો હોય છે ને, તે પોતે ઊભો રહ્યો હોય ને અને આપણે જઈએ તો અરીસામાં આપણે દેખાઈએ કે ના દેખાઈએ ? એમાં અરીસાને કશું કરવું પડે છે ? એવી રીતે આત્મામાં ઝળકે છે આ બધું. આ અરીસા છે તે અચેતન છે ને પેલું ચેતન છે. ચેતનની મહીં ઝળકે છે. એટલે પોતાને ખબર પડે કે આ શું થયું મહીં, કોણ કોણ દેખાય છે ! એવું જ્ઞાતા-દ્રષ્ટા છે. છેલ્લું જ્ઞાતા-દ્રષ્ટા આ રીતે છે.

## જાણવા જેવું બધુંય જ્ઞેય

આત્મા છૂટો પડ્યા પછી એ જ્ઞાતા કહેવાય અને આ વિનાશી ચીજો બધી દેખાય છે એ જ્ઞેય દેખાય. વિનાશીયે બહાર દેખાય અને અંદર અવિનાશીયે દેખાય, બધું દેખાય જેને. અંદરેય બધા બહુ જ્ઞેયો છે, પણ બહારના લોકોને તો ઈન્દ્રિજ્ઞાન પૂરતું જ સમજણ પડે. મનનું ને આંખનું ને બુદ્ધિનું એટલી સમજણ પડે. એથી આગળનો ભાગ સમજણ પડે નહીં.

**પ્રશ્નકર્તા :** જ્ઞેય એટલે શું સમજવું ?

**દાદાશ્રી :** આ જ્ઞેય એટલે જાણવાની જે ચીજો છે. જે જાણવાની વસ્તુઓ એ બધી જ્ઞેયો કહેવાય અને જોવાની વસ્તુઓ તે દૃશ્યો કહેવાય. આત્માનો સ્વભાવ શું ? જાણવું અને જોવું. પણ શું જાણે ? ત્યારે જ્ઞેયોને જાણે. હંમેશાં જ્ઞેય હોય એટલે આવી જ જાય જાણવામાં એમના. જેમ અરીસા પાસે કોઈ માણસ જાય કે મહીં ઝળકી જાય, એવું આમાં આવી જાય.

આ અરીસો જો જીવતો હોય ને, તો બધું જ્ઞેય તરીકે દેખાય એમાં.

**પ્રશ્નકર્તા :** હા, એ બધાને જુએ જ્ઞેય તરીકે.

**દાદાશ્રી :** એવી રીતે એ આત્મા પોતે જ્ઞેય તરીકે જુએ છે. ફક્ત આ જીવતો નથી અને આ જીવતો છે એટલું જ ફેર છે.

**પ્રશ્નકર્તા :** આ ચેતન છે અને પેલું જડ છે એટલું જ.

**દાદાશ્રી :** આ જેમ એના સંજોગો અંદર ઝળકે છે એવી રીતે પેલા સંજોગ અંદર ઝળકે છે, બહાર દેખાતા નથી.

**પ્રશ્નકર્તા :** હા, અરીસાને દર્શન તો છે, પણ જ્ઞાન નથી. એનો એક ગુણધર્મ છે કે એમાં દર્શન છે ને !

**દાદાશ્રી :** દર્શન એટલે ?

**પ્રશ્નકર્તા :** એ પોતે નથી કરી શકતો.

**દાદાશ્રી :** ના, દર્શન એટલે પ્રતીતિ. એ પ્રતીતિ હોય નહીં. જીવતો નહીં ને ! જીવતા વગર દર્શન હોય નહીં, પ્રતીતિ હોય નહીં, પણ આ તો એક આ દાખલો. ને જો બધાય દેખાઈએ છીએ ને આપણે બધા ! છે એને કશું લેવાદેવા ? એ જેટલા બધા સામા ઊભા રહો તે બધું દેખાય.

**પ્રશ્નકર્તા :** એ વીતરાગ જ છે.

**દાદાશ્રી :** વીતરાગ જ છે, તેવો આત્મા સંજોગોને જોયા કરે છે, જાણ્યા કરે છે.

## અરીસાની માફક ઝળકે વસ્તુ આત્મામાં

**પ્રશ્નકર્તા :** પેલું અરીસાનું કહ્યું છે ને કે અરીસો એટલે આ આત્મા સમજવાનું મોટામાં મોટું એક સાધન છે, એ જરા સમજાવો.

**દાદાશ્રી :** આ અરીસો તો મોટું 'સાયન્સ' (વિજ્ઞાન) છે. આત્માનું 'ફિઝિકલ' (સ્થૂળ) વર્ણન કરવું હોય તો આ અરીસો જ એક સાધન છે ! એટલે આત્મા અરીસા જેવો છે. અરીસાની પેઠ એનો સ્વભાવ જ એવો છે કે એની મહીં આખું બ્રહ્માંડ દેખાયા કરે, ઝળકે મહીં. આ બધું છે ને બહાર, તે બધું જ મહીં ઝળકે. એટલે આમ તરત જ ખબર પડે કે આ શું થયું ! એટલે આ જગત બધું શું કરી રહ્યું છે એ બધાને એ (મહીં) જોયા કરે અને જાણ્યા કરે.

એટલે એ આમ અરીસાની પેઠ મહીં, પોતાની અંદર ઝળકે. પોતાને જોવું ના પડે બહાર. એ એની જે આંખો-બાંખો હોય ને, એ તો આખું શરીર (દ્રવ્ય) જ એવું છે કે એ પોતે જ મહીં ઝળકે અંદર. એટલે આપણે જે બધું કરીએ તો પેલા એમાં, આત્મામાં, પોતાનામાં ઝળકે જ અંદર.

બહાર જોવા ના જવું પડે. જોવા જવું પડે તો તો આમ ઊંચું થવું પડે પાછું. અમેરિકા જોવા માટે આમ ઊંચું થવું પડે. પણ બધું મહીં જ ઝળકે પોતાને. અરીસામાં ઝળકે કે ના ઝળકે આ (લોક) બધું બેઠું હોય તે ?

**પ્રશ્નકર્તા :** હા, ઝળકે.

**દાદાશ્રી :** એવું આ અરીસા જેવો આત્મા છે, પણ અરીસો જડ છે અને પેલો આત્મા ચેતન છે.

## દર્પણની જેમ મહીં ઝળકે જ્ઞેયો

**પ્રશ્નકર્તા :** આ આપણે સર્વસ્વ અમારું અર્પણ છે એમાં આવે છે કે 'જીવન ભલે એક દર્શન હો, પણ આતમ શાશ્વત દર્પણ છે.' તો દર્પણ એ શું કહેવા માંગે છે ?

**દાદાશ્રી :** હા, દર્પણ એટલે એમાં આખું જગત દેખાય, મહીં ઝળકે બધું. એટલે પછી જોવાની એને મહેનત કરવી પડે નહીં. જેમ અરીસાને મહેનત કરવી પડે કંઈ દેખવાની ? એવી રીતે મહીં ઝળકે એટલે દર્પણ છે એક જાતનું. આ તો પછી અમુક અમુક સ્ટેજનો એનો અર્થ ઊંચો જતો જાય, પણ છેવટે દર્પણ (જેવી સ્થિતિ)માં રહે છે.

અરીસાની ઈચ્છા વગર અરીસામાં બધું દેખાય છે. એની ઈચ્છા છે કંઈ ? આ અરીસો જીવતો હોત ને, તો બધાને કહે કહે કરત કે જો મને મારી મહીં બધું કેવું દેખાય છે ! તમે બધા બહાર ઊભા છો પણ મને મહીં દેખાય છે.

પણ અરીસામાં ચેતન નથી એટલે એ કહેતો નથી કે મને આવું દેખાય છે ને આ ચેતન છે એટલે કહે છે કે મને આ દેખાય છે. એટલે પેલું લોકોના મનમાં શું થાય, કે આમ બહાર જોતો હશે પણ તે બહાર દેખાય નહીં, એની અંદર જ ઝળકે.

અરીસો જો ચેતન હોય તો પોતાની અંદર દેખાતું હોય, એને ક્યાં પછી બહાર જોવાનું રહ્યું ? આ ચેતનની અંદર ઝળકે છે આ બધું. આખું જગત ચેતનની અંદર દેખાય. એટલે ત્યાં જોવાનું છે, એને કંઈ બહાર જોવાનું નથી.

## ઝળકે મહીં અતીન્દ્રિય જ્ઞાનમાં

**પ્રશ્નકર્તા :** મારો આત્મા તો આ શરીરમાં છે અને આ બધું જાણવાનું, તે મારો આત્મા બધે ફરે છે ? જેમ સિદ્ધક્ષેત્રમાં આખા બ્રહ્માંડનું જાણવાનું, તે બધે મારો આત્મા ફરે છે ?

**દાદાશ્રી :** ના, ફરતો નથી, મહીં ઝળકે છે. ફરવા માટેની જરૂર નથી, અંદર ઝળકે છે.

**પ્રશ્નકર્તા :** ઝળકે છે એ મારા આત્માનું અતીન્દ્રિય જ્ઞાન ઝળકે છે ?

**દાદાશ્રી :** હા, જેમ આ અરીસો એની જગ્યાએ ઊભો રહે છે અને લોકો જેટલા આવે ને, એ બધા મહીં ઝળકે.

**પ્રશ્નકર્તા :** ઝળકે તો મારા અતીન્દ્રિય જ્ઞાનમાં ઝળકાટ છે ?

**દાદાશ્રી :** હા, જ્ઞાનમાં જ.

**પ્રશ્નકર્તા :** હવે જ્યાં જ્ઞાન ત્યાં આત્મા હોય જ.

**દાદાશ્રી :** જ્ઞાન ત્યાં આત્મા હોય જ ને જ્યાં જ્ઞાન નથી ત્યાં આત્મા નથી. અહીં આ જડ વસ્તુમાં આત્મા નથી.

**પ્રશ્નકર્તા :** બરાબર છે. આપણે જેટલા જેટલા જ્ઞેયો જોઈએ, એટલે જ્ઞાનથી જ્ઞેય જોવાય તો જ્યાં આપણે દૂર દૂરના જ્ઞેયો જોઈએ તો મારો આત્મા ત્યાં જતો નથી પણ મહીં જ ઝળકે છે.

**દાદાશ્રી :** ક્યાંય જવાની જરૂર નથી. એ ત્યાં આગળ સિદ્ધક્ષેત્રમાં બેઠા છે ને, તે મેં હાથ ઊંચો કર્યો ને, એ એમને ત્યાં અંદર બધું એમના જ્ઞાનમાં ઝળકે. ઝળકે અંદર, એમને જોવા ના જવું પડે, ઉપયોગ દેવો ના પડે. ઉપયોગ દેવા જાય તો મહેનત થાય. ઉપયોગ તો આપણે દેવાનો હોય

છે. કારણ કે દુરુપયોગ કરેલો. દુરુપયોગ કરેલો તે શુદ્ધ ઉપયોગમાં આવવું પડે છે. પણ એમને શુદ્ધ ઉપયોગ કશું રહ્યું નહીં ને !

## કેવળજ્ઞાન સુધી જ્ઞાતા-દ્રષ્ટા, પછી દર્પણ

એટલે આત્માને બહાર જોવાની શક્તિ નથી. આ તો આપણે જ્ઞાતા-દ્રષ્ટા એટલે આ દૃષ્ટિથી બોલીએ ખરા, પણ પોતાને અંદર ઝળકે છે ને, તેને જ જુએ છે.

**પ્રશ્નકર્તા :** તો આપણે જ્ઞાતા-દ્રષ્ટા કહીએ છીએ એ બહાર જોવું ને જાણવું નહીં ?

**દાદાશ્રી :** ના, જ્ઞાતા-દ્રષ્ટા છે એટલે આમ આ આંખોની પેઠ નથી જોતો. આમ મહીં ઝળકે. જ્ઞાતા-દ્રષ્ટામાં તે કંઈ ક્રિયા કરવી પડે ? ઝળકે. જ્ઞાતા-દ્રષ્ટા એ પહેલી સ્ટેજ અને છેલ્લી સ્ટેજ આ, (છેલ્લો) દેહ છૂટ્યા પછી એ દર્પણ થાય છે. જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી જ્ઞાતા-દ્રષ્ટા.

**પ્રશ્નકર્તા :** વધારે સમજાવશો.

**દાદાશ્રી :** એવું છે ને, આ જોવાના કાર્યોમાં પડ્યા છે તે એ જોવાનું કાર્ય સહજ હોવું જોઈએ. જોવાનું એને કરવું પડે છે, જ્ઞાતા-દ્રષ્ટા રહેવું પડે છે, એટલે એનેય પણ જાણનારો છે ઉપર. એ પછી મેનેજર થયો પાછો. એનો ઉપરી પાછો રહ્યો. છેલ્લા ઉપરીને જોવું પડે નહીં, સહજ દેખાયા જ કરે.

**પ્રશ્નકર્તા :** એટલે આ જ્ઞાતા-દ્રષ્ટા જોવું પડે છે એ કોણ અને એને પણ જે જુએ છે તે કોણ ?

**દાદાશ્રી :** મૂળ છે તે એને પણ જુએ છે, તે મૂળ. આ જોવું પડે છે તે વચલો, ઉપયોગ. એટલે એને પણ જાણનારો છેક છેલ્લી દશામાં.

**પ્રશ્નકર્તા :** એ 'વચલો' કોણ, દાદા ?

**દાદાશ્રી :** ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** એ ઉપયોગ પણ કોનો ઉપયોગ ?

**દાદાશ્રી :** એ પેલી 'પ્રજ્ઞા'નો. પ્રજ્ઞાના ઉપયોગમાં આવી ગયો એટલે બહુ થઈ ગયું. એથી આગળ આપણે કોઈને બહુ જરૂર નથી, ત્યાં સુધી આપણી કૉલેજ !

**પ્રશ્નકર્તા :** એટલે કેવળજ્ઞાનથી જે દેખાય, એને અરીસા સાથે સરખાવી શકાય ?

**દાદાશ્રી :** હા, કેવળજ્ઞાનમાં અંદર જુએ છે બધું. અંદર ઝળકે છે બધું પોતાના જ્ઞાનમાં, જેમ અરીસામાં ઝળકેને બધું. આ જેટલું બેઠેલું હોય એ બધુંય પેલામાં ઝળકે, આ બધા બહાર બેઠેલા છે તે. પણ એ અરીસો બહાર જોતો નથી. પોતાનામાં ઝળકે છે તેને જુએ છે.

## કેવળજ્ઞાનમાં ઝળકે બધું

કેવળજ્ઞાનથી બધું દેખાય એવું છે. કેવળજ્ઞાન એક એવું જ્ઞાન છે કે એના દેખાવામાં કોઈ (કશું) બાકી ના રહે. જેટલા જ્ઞેય છે એ બધા દેખાય. દૃશ્યો પણ બધા દેખાય. એટલે આમ આપણે જોયેલું એ ગપ્પું હોય, આમાં ગપ્પું નથી.

**પ્રશ્નકર્તા :** એ પ્રયત્નથી થાય ? એ કેવળજ્ઞાનથી જે દેખાય, દેખાય એ તો શબ્દ છે, પણ એ કેવી રીતે થતું હશે, દાદા ?

**દાદાશ્રી :** એ તો સપોઝ (ધારો કે) આ અરીસો છે તે, અરીસો જો ચેતન હોત તો તો એ કહેત મને કે હું બધી વસ્તુ દેખું છું. તો કહીએ, કે 'ક્યાં જોઉં છું તું ? અહીં (બહાર) ?' ત્યારે કહે, 'ના, મારી અંદર.' એવી રીતે કેવળજ્ઞાન અંદર જુએ છે બધું.

જેટલું આ બહાર સત્ય છે ને, એના કરતા

આ વિશેષ સત્ય છે, આ બધી વાતો. વિશેષ સત્ય, સહેજે ભૂલ વગરનું.

લોકો અમેરિકા ગયા નથી, આપણે પણ અમેરિકા ના ગયા હોય, છતાં માનવું તો પડે જ છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એના જેવું છે આ બધું.

**પ્રશ્નકર્તા :** ના, ના, માનું છું હું. હું એ સંપૂર્ણ માનું છું, દાદા.

**દાદાશ્રી :** એ બરોબર છે. એ માનો છો એ બધું બરોબર છે. પણ આ કેવળજ્ઞાનથી જોયેલું છે. તમે જે જાણવા માગો છો, કેવી રીતે આ જોયું હશે, તે કેવળજ્ઞાન કરીને જોયેલું છે. એ મને દેખાતું નથી. અમારી પાસે એક જ વસ્તુ હોય કે અમારી પાસેથી અહીંથી એક દેહ નીકળે અમારી પાસેથી, અમારા ખભામાંથી. જ્યારે અમને કંઈ પણ જાણવાનું... ગૂંચાઈએ ત્યારે એ દેહ નીકળીને ત્યાં (સીમંધર સ્વામી પાસે) જઈને પૂછીને પછી પાછો આવે, પ્રકાશ લઈને કે આ શું છે, ખુલાસો લઈને.

**પ્રશ્નકર્તા :** તે વખતે આ શરીરનું શું થાય ?

**દાદાશ્રી :** નહીં, આ શરીર આમ જ રહે. અહીંથી (ખભાથી) નીકળે બીજું, પ્રકાશરૂપ શરીર, બિલકુલ નાનું. તે ત્યાં જઈને પછી પાછું આવે ખુલાસો લઈને, જ્યારે અમે ગૂંચાઈએ ત્યારે. અને વિધિન મિનિટ પાછું. તે લાંબો ટાઈમેય ના લાગે. કારણ કે બીજું તાર-બાર જૉઈન્ટ છે નહીં. હવે આટલું જૉઈન્ટ છે અહીંથી.

### સિદ્ધક્ષેત્રમાં જ્ઞેયો ઝળકે સ્વભાવથી

**પ્રશ્નકર્તા :** આત્માનો મૂળ ગુણ જ્ઞાતા-દ્રષ્ટા છે અને સ્વ-પર પ્રકાશક છે, તો સિદ્ધક્ષેત્રે લોકના જ્ઞેયો કેવી રીતે જુએ ?

**દાદાશ્રી :** સિદ્ધક્ષેત્રે ગયા પછી આત્માને જ્ઞેયો અરીસામાં દેખાય તેવી રીતે દેખાય. આત્માને આત્મામાં, પોતાનામાં તે જ્ઞેયો ઝળહળે.

આત્મા પોતે સ્વ-પર પ્રકાશક છે, પોતાને પણ પ્રકાશ કરે અને બીજાને પ્રકાશ કરે. એટલે આ જગત છે તે એની પોતાની અંદર જ ઝળકે આમ.

જેમ અરીસો મૂક્યો હોય તો તું એમાં દેખાઉ, પણ અરીસામાંથી એ તને ના જુએ તેવી રીતે સ્વ-પર પ્રકાશક છે. પોતે જ્ઞાતા હોવાથી પ્રકાશથી તે બધું જુએ છે.

**પ્રશ્નકર્તા :** દાદાએ કહેલું કે આખું બ્રહ્માંડ અમે જ્ઞાનમાં જોયું, તો એનો અર્થ એ રીતે જ આપે જોયું ને ?

**દાદાશ્રી :** આત્મા જો એના સ્વ-સ્વભાવમાં આવી ગયો તો બધું દેખાય. જેટલો જેટલો સ્વભાવમાં આવ્યો એટલું બધું દેખાય.

### સિદ્ધોને સહજ સ્વભાવથી વર્તમાન દેખાય

**પ્રશ્નકર્તા :** પણ અરીસામાં તમારે જોવાની ક્રિયા કરવી પડે તેમ આત્મા જે જ્ઞાતા-દ્રષ્ટા રહે, ત્યાં સિદ્ધક્ષેત્રમાં પણ એને જોવાની ક્રિયા તો કરવી પડે ને ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** તો એને આખું બધું એક સાથે દેખાય ?

**દાદાશ્રી :** સહજ સ્વભાવ, બધું દેખાય.

**પ્રશ્નકર્તા :** એક સાથે બધું દેખાય ?

**દાદાશ્રી :** એક સાથે બધું જ દેખાય. વધઘટ થતુંય દેખાય. રાત થાય તે આ બાજુના ભાગમાં ઓછું દેખાય. અહીં આગળ સાંજે છ વાગ્યા સુધી અહીંયા લોક આવતું-જતું દેખાય. પછી આ (પક્ષીઓ) ઉપર ઊડતા હોય, પછી જાનવરો-બાનવરો બધા, એ બધું દેખાય. પછી રાત થાય એટલે ઓછા થઈ જાય. પછી રાત્રે બાર વાગે એટલે કોઈ ના દેખાય. સવારના ત્રણ-ચાર વાગે તો અંધારું થયેલું હોય તે શરૂઆત થતું દેખાય. પછી વધતું વધતું વધતું જાય તે દેખાય. એથી વધે તે દેખાય. પાછું ઘટતું ઘટતું જાય તે દેખાય.

**પ્રશ્નકર્તા :** દાદા, તે આવું સતત જોયા કરે, જોવાનું એ ?

**દાદાશ્રી :** દેખાય, જોયા કરવાનું નહીં, દેખાય જ.

**પ્રશ્નકર્તા :** ઑટોમેટિકલી, સ્વભાવથી દેખાય ?

**દાદાશ્રી :** સ્વભાવથી જ દેખાય. જોયા કરે તો જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** તો એક જ ક્રિયા નિરંતરની એની રહે તો એમને કંટાળો ના આવે ? જોયા જ કરે છે ! આપણે ગમે એટલું સુંદર હોય, તે પાંચ મિનિટ જોયા કરવાનું હોય તોય કંટાળો આવવાનો, તો ત્યાં એને સ્વભાવથી ખાલી જોયા જ કરવાનું, પૂતળાની માફક ?

**દાદાશ્રી :** આ લાઈટ છે, એને લાઈટ આપવામાં કંટાળો આવ્યા કરે ?

**પ્રશ્નકર્તા :** ના, એવી રીતે તો નથી આવતો. પણ એ ક્યાં જીવે છે ? એ ક્યાં આત્મા છે ? એમાં આત્મા નથી. એ તો જડ છે, પેલો તો આત્મા છે. અસ્તિત્વ જુદું છે એનું.

**દાદાશ્રી :** પણ એને સ્વાભાવિક દેખાય ને, સ્વભાવથી દેખાય.

**પ્રશ્નકર્તા :** જેનું અસ્તિત્વ છે એ જ્ઞાતા જુએ છે કે આ આવું છે, આ આવું છે. એ જુએ તો એ...

**દાદાશ્રી :** ચોર ચોરી કરે એના ઉપર એ દ્વેષ ના કરે અને કોઈ દાન આપતો હોય તેની ઉપર રાગ ના કરે. કોઈ કોઈને માર મારતો હોય, ખૂન કરી નાખતો હોય તેય જુએ. એમાં રાગ-દ્વેષ નહીં, કશામાંય.

**પ્રશ્નકર્તા :** એમને વર્તમાનનું જ દેખાય, પછી કૃષ્ણ ભગવાન જોવા હોય તો ?

**દાદાશ્રી :** ના, વર્તમાનનું. ભૂતકાળનું દેખાય નહીં. વર્તમાન સિવાય કશું જુએ નહીં.

**પ્રશ્નકર્તા :** જે થઈ રહ્યું છે તે.

**દાદાશ્રી :** એ જે થઈ રહ્યું છે તેટલું જ દેખાય. અમનેય વર્તમાનનું જ દેખાય, બીજી ભાંજગડ નહીં અને તમનેય એવું કહીએ છીએ કે ભઈ, તમે વર્તમાનમાં રહો.

**પ્રશ્નકર્તા :** એમને ઉપયોગ મૂકવાથી કંઈ જૂનું જોવું હોય તો જોઈ શકે ?

**દાદાશ્રી :** ઉપયોગ મૂકી શકવાની શક્તિ જ નહીં. એમની એ લાઈન જ નહીં. એમને કાંઈ એના સાસુ-સસરા જોડે ચિંતા છે તે ભાંજગડ કરે ?

**પ્રશ્નકર્તા :** એ લોકો જોયા કરે, તે તેમને દૃષ્ટિ ખરી ?

**દાદાશ્રી :** આવી દૃષ્ટિ નહીં, આ તો થાક લાગે.

**પ્રશ્નકર્તા :** તો એવી કઈ દૃષ્ટિ હોય એમને ?

**દાદાશ્રી :** જોવાનું જ નહીં એમને, દેખાયા જ કરે.

આ કાચનો ગોળો હોય, એમાં અહીં આપણે બેઠેલા છીએ એ બધા મહીં દેખાય. એમાં કાચના ગોળાને શું જોર પડે ?

**પ્રશ્નકર્તા :** કશુંય નહીં.

**દાદાશ્રી :** એવું એને કશું જોવાનું છે જ નહીં, જોવાનું મહીં દેખાયા કરે. એમની પાસે એમનું અનંત જ્ઞાન ને અનંત દર્શન છે ને આ વપરાય એના પરિણામમાં આનંદ હોય. પહેલા આનંદ હોય ને પછી આ, એવું ના હોય. જ્ઞાન અને દર્શન વપરાય એમનું, એટલે આનંદ રહે જ. સહેજે આનંદ રહે એમને. તે એમને જ્ઞાન-દર્શન સિવાય બીજું કશું છે નહીં. એ સ્વરૂપ જ આખું જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે.

## પોતે પોતાનું સ્વાનુભવ સુખ ભોગવ્યા કરે

એટલે એમને કશું કરવાનું જ ના હોય ને એમના જ્ઞાયકપદમાં, એના સ્વભાવમાં નિરંતર રમણતા કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** સ્વભાવ એટલે શું ?

**દાદાશ્રી :** પોતાના સ્વભાવમાં એટલે, જેમ આ લાઈટ શું કરે છે ? અજવાળું કરે છે ને એવું, પણ આ અચેતન છે, પેલું ચેતન છે.

પોતે મોક્ષસ્વરૂપ જ છે અને સ્વાભાવિક સુખનો જ ધણી છે.

સિદ્ધગતિમાં બધા સિદ્ધો સ્વતંત્ર રીતે જ છે અને પોતાના સુખને જ અનુભવે છે, નિરંતર પરમાનંદને અનુભવે છે.

**પ્રશ્નકર્તા :** જે સિદ્ધગતિમાં છે, મોક્ષે ગયા છે, એ લોકો દેહ વગરનું જે સુખ અનુભવ કરે છે, તો એ સુખ કોણ અનુભવ કરે છે ?

**દાદાશ્રી :** પોતે જ, પોતે પોતાનો અનુભવ કરે છે. પોતે પોતાનું સ્વાનુભવ સુખ ભોગવ્યા જ કરે છે અને નિરંતર ગતિમાન છે પાછા. એમને કાર્ય શું છે, કે જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા નિરંતર ચાલુ જ રહે છે !

**પ્રશ્નકર્તા :** પછી એને શું જરૂર છે ત્યાં, આ નિરંતર જ્ઞાનક્રિયા-દર્શનક્રિયાની ?

**દાદાશ્રી :** એ તો સ્વભાવ છે એમનો. આ લાઈટ છે, એ જો ચેતન હોય તો આપણને નિરંતર જોયા જ કરે કે ના કરે ? એવું એ ચેતન જોયા કરે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આત્મા મોક્ષમાં જાય અને પછી જ્ઞાતા-દ્રષ્ટા બને, પછી એમાં આગળ વધ્યા કરે ખરો ?

**દાદાશ્રી :** પછી આગળ વધવાનું રહ્યું જ ક્યાં તે વધે ?

**પ્રશ્નકર્તા :** બસ, એક સ્થિર સ્થિતિ થઈ ગઈ ?

**દાદાશ્રી :** પછી એ જ પરમાત્મા જીવન, બસ. જે આપણે ખોળીએ છીએ, અનંત અવતારથી શું ખોળીએ છીએ ? ત્યારે કહે, સુખ. સુખ પણ આવું આવે પછી દુ:ખ આવે એ ગમતું નથી. સનાતન સુખ જોઈએ છે. સનાતન સુખ એ પોતાનો સ્વભાવ.

## માધ્યમ વગર ભોગવે નિજાનંદ

**પ્રશ્નકર્તા :** આ જે જીવ સિદ્ધગતિએ જાય, એ ત્યાં પરમાનંદમાં રહે, એ કયા માધ્યમ દ્વારા પરમાનંદ અનુભવી શકે, ભોગવી શકે ? આપણે જેમ પુદ્‌ગલ મારફતે આનંદ અનુભવી શકીએ છીએ ને, એવું કોઈ માધ્યમ હોય તો એ પરમાનંદ અનુભવી શકે ને ?

**દાદાશ્રી :** એ માધ્યમની જરૂર નહીં.

**પ્રશ્નકર્તા :** કેવી રીતે અનુભવી શકે એ ? એ ચેતન તત્ત્વ પોતે કેવી રીતે અનુભવી શકે ?

**દાદાશ્રી :** પોતે પોતાના સુખને જ અનુભવે. કારણ કે જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા ચાલુ રહેવાની. જ્ઞાનક્રિયા અને દર્શનક્રિયા કરવાથી એનું ફળ શું ? તો કહે, આનંદ નિરંતર રહ્યા કરે, બસ એટલું જ.

ત્યાં માધ્યમ ના જોઈએ. માધ્યમ તો પરવશ થયું કહેવાય, પરવશતા કહેવાય. માધ્યમની જરૂર હોય તો પરવશતા કહેવાય અને પરવશતા કહેવાય તો મોક્ષ કહેવાય નહીં.

આધારિત સંબંધ નથી એમને. એ જે લાઈટ (સિદ્ધ ભગવાન) છે ને, તે આધાર-આધારિત સંબંધ નથી.

**પ્રશ્નકર્તા :** મોક્ષમાં જે સુખ છે તે શેના આધારે છે ? એનો આધાર તો ખરો જ ને ?

**દાદાશ્રી :** એ દૃશ્યો ને જ્ઞેયોના આધારે છે. આત્મા એ પોતે જ્ઞાતા-દ્રષ્ટા છે ને સુખ દૃશ્યો ને જ્ઞેયોના આધારે છે. બાકી પોતે તો નિરાલંબ છે, તેને આધાર શો ?

## જ્ઞેય વગર આત્મા સિદ્ધક્ષેત્રમાંય ના રહે

**પ્રશ્નકર્તા :** આત્મા સ્વરૂપમાં હોય, તો એને એ વખતે કોઈ જ્ઞેયની જરૂરત છે ? આત્મા સ્વરૂપમાં હોય, ત્યારે જ્ઞેય તો કંઈ હોય જ નહીં ને ? જ્ઞાન હોય એને જ્ઞેય જોઈએ ખરું ?

**દાદાશ્રી :** એ તો હોય જ, જ્ઞેય વગર જ્ઞાન ઊભું જ ના રહે ને !

**પ્રશ્નકર્તા :** જો આત્મા પોતે સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ હોય, પોતાના આત્મ સ્વભાવમાં, સ્વરૂપમાં, ત્યારે એને જ્ઞેયની જરૂર ખરી ?

**દાદાશ્રી :** ખરી જ ને ! જ્ઞેય વગર તો આત્મા રહે જ નહીં. આત્મા છે એ નક્કી જ ના રહે એમ. આત્મા જ્ઞેય સિવાય કોઈ જગ્યાએ સિદ્ધસ્થાનમાંય ના રહે. જ્ઞેય ને દૃશ્યની સાથે જ હોય, એકલો રહી શકે નહીં. સિનેમામાં જોવા આવનારો માણસ મહીં 'એન્ડ' લખ્યું હોય તો શું જુએ પછી ?

**પ્રશ્નકર્તા :** એટલે દાદાજી, જ્ઞાનમાં જ્ઞેય ઝળકે છે. જ્ઞેય ન હોય તો જ્ઞાન એમ ન રહી શકે ?

**દાદાશ્રી :** ના, ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** અરીસો તો રહે છે, દાદાજી. એ જ્ઞેય પસાર થઈ જાય તોય અરીસો તો રહે જ છે. અરીસામાં જ્ઞેયો ઝળકે છે. જ્ઞેય ચાલ્યા જાય તો અરીસો તો, એનો પ્રકાશ તો છે જ.

**દાદાશ્રી :** એ અરીસાને રહે, આને ના રહે. એક ક્ષણવારેય ના રહે.

## જ્ઞેયને જોવામાં સ્વભાવિક આનંદ

**પ્રશ્નકર્તા :** તો એની બાજુમાં બીજો શુદ્ધ થયેલો આત્મા હોય એ જ્ઞેય ?

**દાદાશ્રી :** એ જ્ઞેય નથી.

**પ્રશ્નકર્તા :** હા, એ જ્ઞેય નથી, બરાબર છે.

**દાદાશ્રી :** જ્ઞેયને જુએ છે. જ્ઞેય સિવાય બીજું કશું જોતો નથી.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞેયને જુએ છે કે એના જ્ઞાનમાં જ્ઞેય ઝળકે છે ?

**દાદાશ્રી :** એ તો ઝળકે છે. એને જુએ છે એ તો આપણા લોકોને સમજાવવા માટે. જેમ અરીસામાં ઝળકેને બધું, તેવું ઝળકે.

**પ્રશ્નકર્તા :** જોનારો કહ્યો એટલે જોનારો એ પાછું બીજો વચ્ચે ઊભો થઈ જાય ?

**દાદાશ્રી :** ના, એ તો ભાષામાં એવું સમજાવવા માટે લખવું પડે ને, બુદ્ધિને !

**પ્રશ્નકર્તા :** એ શબ્દમાં બરાબર છે.

**દાદાશ્રી :** મહીં ઝળકે છે આ. આખા જગતના એ જ્ઞેય બધા ઝળક્યા કરે. ને ઝળકે તેમાં ઈન્ટરેસ્ટ ખરો પાછો.

**પ્રશ્નકર્તા :** એ કેવું ?

**દાદાશ્રી :** સ્વભાવિક ઈન્ટરેસ્ટ.

**પ્રશ્નકર્તા :** પણ જ્યાં સ્વભાવિક જ દેખાતું હોય ત્યાં ઈન્ટરેસ્ટ નામની ચીજ ના હોય ને ?

**દાદાશ્રી :** ઈન્ટરેસ્ટ કે ડિસઈન્ટરેસ્ટ ત્યાં હોય નહીં પણ એ જુએ છે. તે જુએ એટલે આનંદ થાય, નહીં તો આનંદ ના થાય.

**પ્રશ્નકર્તા :** જુએ એટલે આનંદ થાય ?

**દાદાશ્રી :** જુએ ને જાણે તેથી જ આનંદ થાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે અંદરેય જોયા જ કરતો હોય ને ! બીજું શું કરતો હોય ?

**દાદાશ્રી :** એ જ કર્યા કરે છે, બીજું કશું ના કરે. અત્યારે અંદરેય જોયા જ કરે છે. જુએ ને જાણે એ જ ધંધો.

## હાનિ-વૃદ્ધિના નિયમથી દેખાય નવું નવું

**પ્રશ્નકર્તા :** દાદા, સિદ્ધોને જે આનંદ થાય, નવું નવું દેખાય એ શાના આધારે ?

**દાદાશ્રી :** સિદ્ધ ભગવાનોને અનંત આનંદ શાનો છે ? નિરંતર નવું ને નવું જ દેખાય. શાથી ? ત્યારે કહે, હાનિ-વૃદ્ધિના નિરંતરના નિયમથી.

જોવાનું છે તેય હાનિ-વૃદ્ધિ થયા કરે. રાત પડે એટલે આ એક ભાગમાં હાનિ થાય, બીજા ભાગમાં વૃદ્ધિ થાય, એવું હાનિ-વૃદ્ધિ થાય. અને આપણે ત્યાં સવારના પાંચ વાગ્યા ત્યારથી બધા દેખાય આ લોકો, એમને પણ ખરેખરું વૃદ્ધિ થયેલું ક્યારે દેખાય ? ત્યારે કહે, દસ, અગિયાર, બાર વાગે બપોરે ખૂબ લોક ફરતા હોય. આમ ફરતા હોય, તેમ ફરતા હોય, બધું દેખાય. એમને જોવું છે ને જાણવું છે, બે જ ને ઊંડા ઊતરવું નથી કે આ ચોરી કરવા નીકળ્યો છે. આ ચોરી કરતો, ગજવું કાપતોય દેખાય એમને પણ એ જોવું ને જાણવું બે જ, વિષયો નહીં એમને. વિષય એટલે સબ્જેક્ટ નહીં. કયો વિષય છે ? ત્યારે કહે, 'ગજવું કાપવાનો.' ત્યારે એ કહે, 'ના, એ વિષય લોકોને જાણવાનો, અમારે કશુંય નહીં.'

એટલે આત્મા ત્યાં આગળ સિદ્ધસ્થાનમાં અત્યારે છે, તો ત્યાં એ બધા આત્મા જ્ઞાતા-દ્રષ્ટા ખરા, પણ જો એ આપણા દેશ તરફ જુએ તો સવારના ચાર વાગે થોડું-થોડું દેખે, આ હરતા-ફરતા ઓછા દેખાય. ત્યારે એને જ્ઞેય ને દૃશ્ય દેખાતા હોય. મળસકે ચાર વાગ્યે, પાંચ વાગે લોક બધા ઊઠે, જાનવરો-બાનવરો બધાંય. એટલે હરતા-ફરતા હોય ને, ત્યારે બધાં દેખાય. પછી છ વાગે વધારે દેખાય, સાત વાગે એથી વધારે દેખાય, આઠ વાગે, નવ વાગે વધતા જ જાય. પછી બાર વાગ્યા સુધી વધે. પછી રાત્રે પાછું ઓછું થતું જાય. એટલે આ આના જે જ્ઞેય છે ને, તે ફરતા ફરતા ઓછાં થતા જાય. વધે, ઓછું થાય, વધે, ઓછું થાય. એ બધું ચાલ્યા કરે અને જે જોયું એ વિનાશ થઈ જાય અને નવું જોવાનું, એ દૃષ્ટિએ આ છે.

ત્યાંય પાછું ઉત્પન્ન થવું, વિનાશ થવું એ તો ખરું જ. ઉત્પન્ન થવું અને વિનાશ થવું થાય. ત્યારે કહે, શું ઉત્પન્ન થાય ? ત્યારે કહે, અમે હાથ ઊંચો કર્યો એ ત્યાં આગળ બેઠા બેઠા એમને

જ્ઞાનમાં ઉત્પન્ન થયું. પછી હાથને મૂકી દીધો, તે અવસ્થાનો નાશ થયો. અવસ્થા ઉત્પન્ન થવી, નાશ થવી. આ બધું જોયા જ કરે, બધું દેખાયા જ કરે. ઉત્પન્ન થાય ને નાશ થાય, ઉત્પન્ન થાય ને નાશ થાય. રાત્રે કોઈ દેખાય ? અમેરિકામાં પાછું દેખાય. એમને તો બધી બાજુથી દેખાય ને ! પણ ત્યારે આ ખૂણામાં ના દેખાય. બધા સૂઈ ગયેલા જ દેખાય એમને, પછી ભલે તે મકાનમાં સૂઈ ગયા હોય. મકાનની આરપાર એમનું જ્ઞાન હોય. દારૂ પીને સૂતા હોય તો એ જાણે બધું. બધુંય જાણે. વિજ્ઞાન છે આ તો !

### અહંકાર રૂપી મલિનતા અરીસામાં

**પ્રશ્નકર્તા :** અરીસામાં આપણે સામે જોઈએ અને અંદર આપણું આ બિંબ પડે, એ કોનો ગુણધર્મ છે ?

**દાદાશ્રી :** અરીસાનો ગુણધર્મ છે, અને ભીંતમાં ના દેખાય.

**પ્રશ્નકર્તા :** આ અરીસો જો મલિન હોય તો ?

**દાદાશ્રી :** મલિન હોય તો મલિન દેખાય.

**પ્રશ્નકર્તા :** મલિન દેખાય અથવા ના પણ દેખાય.

**દાદાશ્રી :** નાય દેખાય.

**પ્રશ્નકર્તા :** હા, તો એ મલિનપણું શું છે ?

**દાદાશ્રી :** એ મલિનપણું એ આવરણ છે આ ઈગોઈઝમ(અહંકાર)નું. 'હું કંઈક છું' એ આવરણ, મલિનપણું છે.

**પ્રશ્નકર્તા :** અચ્છા, ઈગોઈઝમ, બરાબર છે ! એને આપણે અહમ્ કહીએ.

**દાદાશ્રી :** હા, અહમ્.

એ અરીસા ઉપર મેલ ચોંટી ગયો એટલે આવો આ ફોટો દેખાય છે. જો મેલ ના હોત તો ચોખ્ખો ફોટો આવત.

જેટલો જેટલો મેલ એવો એનો ફોટો. મેલ જતો રહે એટલે ફર્સ્ટ ક્લાસ ફોટો. તીર્થંકર એ મેલ રહિતનો ફોટો કહેવાય. શું સુગંધી ! શું એમની લાવણ્યતા ! જગતમાં હોય નહીં એ લાવણ્યતા.

**પ્રશ્નકર્તા :** હવે અહમ્ ક્યાંથી આવ્યો ?

**દાદાશ્રી :** મૂળ 'આ' 'લાઈટ' (આત્મા) છે પણ જગતના લોકોએ કહ્યું, 'તમે ચંદુભાઈ* છો', ને તમેય માની લીધું કે 'હું ચંદુભાઈ છું' ! એટલે 'ઈગોઈઝમ' ઊભો થયો. એ 'ઈગોઈઝમ' મૂળ લાઈટનો 'રિપ્રેઝન્ટેટિવ' (પ્રતિનિધિ) થયો ! અને એ 'રિપ્રેઝન્ટેટિવ'ના 'લાઈટ'થી જોયું, તે બુદ્ધિ થઈ !

એ અહમ્ કંઈથી આવ્યો તે સમજાયું ને ? એ વિશેષ ભાવ છે. આત્માનો વિશેષ ભાવ, સ્વભાવ નથી.

બે વસ્તુઓ ભેગી થવાથી બન્નેના સ્વભાવમાં ફેર થતો નથી, પણ 'અજ્ઞાન દશા'માં ત્રીજો 'વિશેષ ભાવ' ઉત્પન્ન થાય છે. જેમ આ ચોપડી અરીસા સામે ધરીએ તો ચોપડી તેનો સ્વભાવ બદલશે નહીં. ત્યારે શું અરીસો એનો સ્વભાવ બદલે છે ? ના. અરીસો તો પોતાના સ્વભાવમાં જ છે. પણ તેની સામે જાવ તો 'તે' પોતાનો સ્વભાવ પણ બતાડે ને 'વિશેષ ભાવ' પણ બતાડે, આ બહુ ઝીણી વાત છે. સાયન્ટિસ્ટોને જલ્દી સમજાય.

આત્માને બીજું તત્ત્વ ભેગું થયું એટલે આ (આત્મા) તત્ત્વને, એને પોતાને એવું આવ્યું, કે 'ખરેખર હું છું આ.' તેની સાથે 'હું'-'મારું' ઊભું થઈ ગયું ને ક્રોધ-માન-માયા-લોભ ઊભા થઈ ગયા.

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

## બિલીફ બદલાતા અહંકાર ઊભો થયો

આત્મા આવ્યોય નથી ને ગયોય નથી. આ તો બધા બુદ્ધિના ખેલ છે. બુદ્ધિથી આ બધું ભાસે છે. એ બુદ્ધિ જાય અને અહંકાર જાય એટલે છૂટો જ છે. એ બુદ્ધિ ને અહંકાર ઊભા થઈ ગયા એટલે આ દેખાય છે બધું.

માણસ બહાર નીકળે છે તો પડછાયો ક્યાંથી આવે છે ? બધા સંયોગોથી. સૂર્યનો સંયોગ ભેગો થાય કે પડછાયો ઊભો થઈ જાય. અરીસાનો સંયોગ ભેગો થાય કે પ્રતિબિંબ ઊભું થઈ જાય. એટલે આ બધું સંયોગોને લીધે થયેલું છે અને તેથી 'બિલીફ' આખી બદલાઈ ગઈ છે. 'સ્વરૂપ' તો તેનું તે જ છે, પણ 'બિલીફ' બદલાઈ છે કે આ શું થઈ ગયું ? આ ચકલી અરીસાને ચાંચો નથી મારતી ? ચકલી અરીસામાં ચાંચો મારે છે ને ? હવે માણસ એવું ના મારે. કારણ કે એ જાણે છે કે આ તો મારો જ ફોટો છે. પણ ચકલીની 'બિલીફ' બદલાઈ છે કે આ બીજી ચકલી આવી છે એટલે એને ચાંચો માર માર કરે છે. પણ બહુ દહાડા અનુભવ થાય ને એટલે પછી એ 'બિલીફ' તૂટી જાય. એવી આ 'બિલીફ' જ બદલાયેલી છે. આખી 'બિલીફ' જ 'રોંગ' થઈ ગઈ છે, એટલે અહંકાર ઊભો થઈ ગયો ને એટલે બુદ્ધિ ઊભી થઈ ગઈ. અને બુદ્ધિ ઊભી થઈ ગઈ એટલે બુદ્ધિના આધારે, બુદ્ધિની 'લાઈટે' ચાલે છે, ને પેલું મૂળ 'લાઈટ' બંધ થઈ ગયું. એટલે આ ગૂંચાયું છે બધું. આત્મામાં કશો ફેરફાર થયો નથી. આત્માનું બગડ્યુંય નથી કે આત્માને કશી અસરેય થઈ નથી.

માણસ બહાર નીકળે છે, તે પડછાયો પાછળ પાછળ ફરે છે ને ? આ બધું પડછાયાના જેવું જ છે. કોઈક માણસ પડછાયામાં આમ આમ કરે, એક આંગળી ઊંચી કરે, બે આંગળી ઊંચી કરે, આમતેમ જોયા કરે, તો આપણે ના સમજીએ કે આનું મગજ જરા ગાંડું થઈ ગયું છે ? એવું પાછું પોતાનું ભાન થાય એટલે કશું બન્યું ના હોય તેમ સંજોગોમાંથી છૂટી જાય છે પછી. એટલે આ સંજોગો ભેગા થયા છે, બીજું કશું નથી. અને પડછાયો કાઢી નાખવા માટે રોડ ઉપર દોડ દોડ કરે તો પડછાયો જતો રહે ? ના. એ તો આમ દોડે તો પાછળ દેખાય, નહિ તો આમનો ફરે તોય પાછો દેખાય. તે પેલો ગમે તેમ પાછો ફરે ને તોય કંઈનું કંઈ દેખાયા જ કરે ને ? એટલે પડછાયો એને છોડે નહિ. હવે એને કોઈ બતાવે કે 'તું ઘરમાં પેસી જાને' તો પડછાયો બંધ થઈ જશે !

એટલે આ તો બિલીફ રોંગ થયેલી છે ખાલી, બીજું કશું છે નહીં. આત્માએ કર્મ બાંધ્યાય નથી ને આ બધું ઠોકાઠોક ચાલેલું છે. કર્મ બાંધ્યા જ નથી. આત્મા જો કર્મ બાંધે ને, તો એનો કાયમનો સ્વભાવ થઈ જાય. પછી જાય જ નહીં. આ તો બધી અવળી સમજણ ઠોકી બેસાડેલી છે.

## સંજોગોમાં 'બિલીફ'ની આંટી

એવું છે, તળાવમાં પેલા પોયણાં ઊગે છે, કમળ જેવા. આમ ઊંચા ફૂલ થાય. એની પર આવીને પોપટ બેસે ને, એટલે એ વળે આમ. પોપટને વહેમ પડે કે હું પડ્યો, પડ્યો ! તે એને પકડી લે. તે ઊંધો થઈ જાય પોપટ હઉ. એ ઊંધું થઈ જાય ને પછી પોપટ છોડી શકે નહીં. હું મરી જઈશ હવે. તે છોડે જ નહીં પછી. તે પરાણે પારધી પકડી જાય ત્યાં સુધી ના છોડે. એને આંટી પડી ગઈ. ઊડવાનું ભૂલી જાય, બધું ભાન જ ભૂલી જાય. આ આંટી પડી ગઈ, કે 'હવે હું પડી જઈશ.' તે કેવી કેવી આંટી જીવોને પડી જાય છે !

આ ચકલીઓ અરીસામાં ચાંચ માર માર કરે. 'અરે, ન હોય એ ચકલી ! હમણે તારી ચાંચ ઘસાઈ જશે, તોય કશું વળશે નહીં.' તોય એને

અનુભવ નથી થતો. એને દેખાવમાં આવ્યું કે મારે છે એ.

અને બિલાડીને આમ અરીસો દેખાડો તો ? તે પહેલાં તો એય પણ ચમકે આમ. પછી ધીરે રહીને આમ જુએ, તેમ જુએ, નિકાલ કરે કે આ ન હોય, આ તો આવું ખોટું દેખાય છે. શું છે એ ના ખબર પડે પણ ખોટું દેખાય છે એવું એને લાગ્યું. કોઈ છે નહીં, ત્યાં આગળ બીજી બિલાડી નથી.

**પ્રશ્નકર્તા :** એટલે રોંગ બિલીફ તો નાના પ્રકારના જીવોમાંય પડી જાય ખરી ?

**દાદાશ્રી :** રોંગ બિલીફ એટલે બેસી રહેવું, છૂટે નહીં પછી.

**પ્રશ્નકર્તા :** તે એકેન્દ્રિય જીવો, બે ઈન્દ્રિય જીવો, બધામાં જ એવી રીતે ? રોંગ બિલીફ હોય એને ?

**દાદાશ્રી :** એ બધાને જ હોય. રોંગ બિલીફથી તો આ દશા થઈ, સંસારી દશા થઈ, એનું નામ રોંગ બિલીફ ! દેવ હોય, એકેન્દ્રિય હોય, બધેય. રોંગ બિલીફ જાય તો ભગવાન થઈ જાય.

આત્માની ચૈતન્યશક્તિ એવી છે કે 'રોંગ બીલિફ'થી વિકલ્પ થાય છે. 'આ હું છું, આ હું છું.' તે 'રોંગ બીલિફ' ઊભી થાય છે અને એ જ કર્મબંધન છે. જેમ અરીસામાં જોવાથી તરત જ ફોટો પડે છે, તેમ પરમાણુઓ સક્રિય હોવાથી જેવો વિકલ્પ થાય કે તરત જ પરમાણુઓ બધા એવા ઊભા થઈ જાય છે. મૂળ પરમાણુ 'તત્વ સ્વરૂપે' છે, પછી ભેગા થાય ત્યારે અવસ્થાવાળા થઈ જાય છે. આ બધા સક્રિયના ચમત્કાર છે. આત્માને આ પુદ્ગલ તત્ત્વ જ મૂંઝવે છે. એનું સક્રિયપણું જ મૂંઝવે છે. પુદ્ગલનું સક્રિયપણું એવું છે કે પોતે અજીવ છે છતાં જીવ જેવું ભાસે છે.

## બિલીફથી કલ્પે એવું થાય

અરીસામાં ચકલી (દેખાય) છે, તે આમ જુએ એટલે પછી આ ચાંચ કેમ મારે છે ? એને એમ થાય કે આ કોણ છે ? આ કોણ કરે છે ? એવું આત્મામાં પ્રતિબિંબ થાય છે.

**પ્રશ્નકર્તા :** અરીસામાં પ્રતિબિંબ દેખવાથી આત્માને આટલી બધી અસર કેમ થાય છે ?

**દાદાશ્રી :** એક રૂમમાં ઉપર-નીચે ચોતરફ અરીસા ગોઠવ્યા હોય, ને એમાં આંખો બંધ કરીને પેસે તો તેને કશી જ અસર ના થાય પણ જોતાં જોતાં પેસે તો એ બધું તેને ભાત ભાતનું દેખાય. એટલે ભાત ભાતની અસરો થાય.

આ ચકલી અરીસા સામે આવીને બેસે તો અરીસો શું કરે એમાં ? અરીસો તો એમ ને એમ જ છે પણ એની મેળે બીજી ચકલી અંદર આવી પડી છે. તેના જેવી જ આંખો, તેવી ચાંચ જુએ અને તેનાથી તે ચકલીનું જ્ઞાન બદલાતું નથી પણ બિલીફ-માન્યતા બદલાય અને પોતાના જેવી બીજી ચકલી છે તેમ માને. તેથી અરીસાની ચકલીને ચાંચો માર માર કરે. તેવું જ આ જગતમાં છે. સ્પંદનથી જગત ઊભું થયું છે. એક સ્પંદન ઉછાળ્યું તેથી સામે કેટલાય સ્પંદનો ઉછળે. જ્ઞાન બદલાતું નથી પણ બિલીફ બદલાય છે. બિલીફ ક્ષણે ક્ષણે બદલાય. જો જ્ઞાન બદલાતું હોય તો આત્મા જ ના રહે. કારણ આત્મા અને જ્ઞાન એ કંઈ બન્ને એકબીજાથી જુદી વસ્તુ નથી. આત્માનું સ્વરૂપ જ જ્ઞાનસ્વરૂપ છે. જેમ વસ્તુ અને વસ્તુના ગુણ સાથે જ રહે છે અને જુદા પડતા નથી તેમ ! આ તો એવું છે કે બિલીફમાં ફેરફાર થયો કે તેવું જ દેખાય. પછી જેવું કલ્પે તેવું થઈ જાય છે.

અરીસો તો અજાયબી છે ! પણ લોકોને સહજ થઈ ગયું છે તેથી નથી દેખાતું. આ તો

એવું છે ને કે લોકો અરીસામાં આખો દહાડો મોઢું જો જો કરે છે, માથું ઓળે છે, પફ પાવડર લગાવે છે, તેથી તો આ અરીસાય સસ્તા થઈ ગયા છે. નહીં તો અરીસો અલૌકિક વસ્તુ છે ! કેવી છે પુદ્‌ગલની કરામત !

### જ્ઞાન નહીં, માત્ર બદલાઈ બિલીફ

આ ચકલીને જો એનું જ્ઞાન બદલાયું હોય ને, તો એ ચાંચો મારીને મરી જ જાત. પણ જ્ઞાન બદલાયું નથી, એની બિલીફ બદલાયેલી છે. પછી ઊડી ગયા પછી કશુંય નહીં. પાછી આવે તો બિલીફ પાછી ઊભી થઈ જાય કે એ જ છે આ. પણ પાછું ઊડી ગઈ એટલે કશુંય નહીં. અને પેલું તો ઊડી ગયા પછી એ જ્ઞાન બદલાયું એટલે ખલાસ થઈ ગયું, પણ જ્ઞાન બદલાતું નથી.

એટલે દર્શનની ભ્રાંતિ છે, જ્ઞાનની ભ્રાંતિ નથી. દર્શનની ભ્રાંતિ એટલે કે 'હું છું' તેનું ભાન છે, પણ બીજું 'હું' શું છે તે ખબર નથી. જેમ કે ચગડોળમાં બેસતા પહેલાં જાણે છે કે પોતે બરાબર છે, તબિયત સારી છે. પણ ચગડોળમાં બેઠા પછી ઉતરે ત્યારે ઊલટી થાય, ચક્કર આવે અને બધું ફરતું દેખાય છે. ત્યારે આપણને શું કહે, 'એય ! આ બધું ફરે છે, આ બધું ફરે છે.' ત્યારે આપણે ઝાલી લેવા પડે. 'આ બધું ફરે છે' કહે છે, એનું નામ ભ્રાંતિ. ત્યાર પછી ખબર પડે કે હું પહેલાં તો સારો હતો, પણ આ ફરતું દેખાય છે તે હું નથી ફરતો તેટલું ભ્રાંતિનું ભાન થાય. પણ આ બધાને તો એમ જ લાગે છે કે 'હું જ કરું છું.' એટલે ભ્રાંતિની પણ ખબર નથી. હિન્દુસ્તાનમાં હજુ એવા લોકો છે કે જેમને ભ્રાંતિની ખબર છે.

**પ્રશ્નકર્તા :** આ જગતમાં માન્યતાઓને કારણે જ આ બધી તકરાર છે ને ? દ્વંદ્વ ઊભા થયા છે ને ?

**દાદાશ્રી :** હા, આ બિલીફ જ બગડી છે. તેથી સંસાર ઊભો થયો છે. આખો સંસાર બિલીફ બગડવાથી ઊભો છે. હવે બે વસ્તુ સાથે મૂકવાથી વિશેષભાવ ઉત્પન્ન થયો, પછી બિલીફ બગડી. જેમ ચકલી ચાંચો મારે ને, તે ઘડીએ અહંકાર કામ કરી રહ્યો છે. એ ચાંચો મારનાર પોતે છે અને એ ચાંચો કોને મારે છે ? એ મારાથી જુદી વસ્તુ છે એવું માને છે. એટલે બિલીફ બદલાયેલી છે.

આત્માના વિમુખપણામાંથી સન્મુખ થતા સુધીની આ બધી ક્રિયાઓ ચાલ્યા કરે છે. તે કેટલીક બાબતમાં તમારી (મહાત્માઓની) આ માન્યતા તૂટી ગયેલી હોય ને કેટલીક બાબતમાં હજુ માન્યતા રહેલી હોય, ને સંસારીઓને અમુક અમુક અનુભવ થાય ને, તેમ તેમ થોડી થોડી માન્યતાઓ તૂટી ગયેલી હોય. આ અમને બધી માન્યતાઓ સંપૂર્ણ છૂટી ગયેલી હોય. એટલે આ માન્યતાઓ છૂટે ને, એટલે છૂટો જ છે. આ જ્ઞાન બદલાયું નથી, માન્યતા બદલાયેલી છે.

### આત્મા મૂળ તો સંપૂર્ણ પ્રકાશવાળો

આત્મા મૂળ તો સંપૂર્ણ પ્રકાશવાળો છે. કોઈ દા'ડો અરીસામાં આપણે ન દેખાઈએ એવું બને નહીં ને ? પણ બહારની ખરાબ હવા થાય, વાતાવરણ ખરાબ થાય એટલે અરીસામાં આપણે ન દેખાઈએ, એવું થાય ને ! બને કે ન બને ?

**પ્રશ્નકર્તા :** ધુમ્મસ હોય, એવું કંઈ હોય તો બને.

**દાદાશ્રી :** ત્યારે વાતાવરણની અસર થયેલી છે.

**પ્રશ્નકર્તા :** પણ આત્મા એ જ પોતે પરમાત્મા હોય, તો એને આ બધું થાય શું કામ ? એ મોહમાં પડે કેમ ?

**દાદાશ્રી :** કશું થયું જ નથી. મોહમાં પડ્યો નથી, ફસાયો છે. પોતે જાતે કોઈ પડે જ નહીં.

### દેખાયો દર્પણમાં વ્યવહાર આત્મા

તમને મૂળ હકીકત કહી દઉં. બે પ્રકારના આત્મા છે; એક મૂળ આત્મા છે ને એ મૂળ આત્માને લઈને બીજો ઊભો થયેલો આ વ્યવહાર આત્મા છે. મૂળ આત્મા નિશ્ચય આત્મા છે, તેમાં કશો ફેરફાર થયો જ નથી. એ જેવો છે તેવો જ છે અને તેના અંગે વ્યવહાર આત્મા ઊભો થયેલો છે.

જેમ અરીસા પાસે જઈએ તો બહાર તુંય દેખાઉ ને મહીં ચંદુભાઈયે દેખાય. દેખાય કે ના દેખાય ?

**પ્રશ્નકર્તા :** દેખાય, જુદા છે.

**દાદાશ્રી :** શું જુદાઈ છે ?

**પ્રશ્નકર્તા :** જોનારો અહીં બહાર છે, અરીસામાં નથી.

**દાદાશ્રી :** એવું તું બોલું તો પેલોય એવું બોલે. કોનું સાચું માનવું ?

**પ્રશ્નકર્તા :** ત્યાંય જુએ જ છે ને દર્પણમાં, એ પણ હું જોઉં છું.

**દાદાશ્રી :** એ બરોબર છે. આ જે બહાર છે તે કયો આત્મા ? એ નિશ્ચય આત્મા. નિશ્ચય આત્માને આવરણ નથી ચડેલું અને વ્યવહાર આત્મા આ જે દેખાય છે અરીસામાં તે. અને તે પાઠ ભજવી રહ્યો છે અને તેમાં તને હુંપણું છે, 'હું કરું છું' તે અને તેથી આ ઊભું થયું છે. એટલે આવી રીતે જુદા છે. જેમ તને પેલો દેખાય છે ને ? છો એકના એક જ. વ્યવહાર આત્મા એટલે આ વ્યવહારમાં વૃત્તિઓ પરોવેલી એવો આત્મા. એટલે અહંકાર ઊભો થયો. 'હું કરું છું અને આ મારું છે' એ ભાન ઊભું થયું. તે 'હું ચંદુભાઈ છું ને આ મારું શરીર' ને 'આ જ આત્મા અને આ જ મારું શરીર' ને દેહને જ આત્મા માને છે. આ દેહમાં આત્મબુદ્ધિ છે કે 'આ હું છું.' દેહમાં આત્મબુદ્ધિ એનું નામ ભ્રાંતિ. એટલે આ ભ્રાંતિનો આત્મા છે, માનેલો આત્મા છે, અહંકાર છે ખાલી. અહંકાર જાય એટલે મૂળ આત્મા પાછો થઈ જાય. આ ભ્રાંતિનો આત્મા તે લેપાયમાનવાળો છે. આ આત્મા લેપાય એવો છે, પણ મૂળ જે અસલ આત્મા, તેને લેપ ચડે એવો નથી. એટલે બે આત્મા હોતા નથી, એક જ આત્માના બે ભાગ પડી ગયા છે. કારણ કે પેલા આત્મામાં પોતાનું પોતાને રિયલાઈઝ (ભાન) થયું નથી, એટલે પોતે અહંકાર ઊભો થઈ ગયો ને અહંકારને 'આ હું છું ને મારું છે' થયું ને તેનાથી આ આત્મા નવો ઊભો થઈ ગયો, વ્યવહાર આત્મા.

**પ્રશ્નકર્તા :** આ પેલો અરીસામાં દેખાય છે એ નિશ્ચય આત્મા અને આ બહાર છે એ વ્યવહાર આત્મા કે બહાર છે એ નિશ્ચય આત્મા અને અંદર અરીસામાં દેખાય છે તે વ્યવહાર આત્મા ?

**દાદાશ્રી :** પેલો અરીસામાં દેખાય એ વ્યવહાર આત્મા અને આ બહાર એ નિશ્ચય આત્મા. ખરો આ અને પેલો વ્યવહાર (આત્મા). બહારવાળો જો નીચે બેસી જાય તો એ પેલી બાજુ અરીસામાં દેખાય ? તો હવે નથી દેખાતો. હવે જો નિશ્ચય આત્મા છે એ સહજ છે, તો વ્યવહાર આત્માને સહજ કરો એટલે આપણે બે એક થઈ ગયા. પછી કાયમના પરમાત્મા થયા.

**પ્રશ્નકર્તા :** વ્યવહાર આત્મા જે છે તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?

**દાદાશ્રી :** એની ઉત્પત્તિ જ ના હોય ને, છે જ એ તો પહેલેથી. અનાદિ કાળથી છે જ. પણ એનો અંત આવશે. એને જ્ઞાની પુરુષ મળે ત્યારે અંત આવે.

આ તો ખાલી વ્યવહાર ઊભો થયો છે સમસરણ માર્ગનો. અરીસા આગળ વ્યવહાર ઊભો નથી થતો ? અરીસા આગળ કશું દેખાય છે કે નહીં ? શું એ 'એક્ઝેક્ટ' વ્યવહાર નથી ? આપણે જેટલું કરીએ એટલું એ 'એક્ઝેક્ટ' કરે છે ને ? આ અરીસાના વ્યવહારને લોકો ઘોળીને પી ગયા ! આ આપણોય એવો જ વ્યવહાર છે, બીજું કશું જ નથી.

## નિશ્ચયથી એક, પણ ભાજને જુદાજુદા

**પ્રશ્નકર્તા :** આત્મા અરીસા જેવો છે અને પુદ્ગલ અરીસા જેવું થયું છે. એટલે આનું પ્રતિબિંબ આમાં પડે, એનું પાછું પ્રતિબિંબ આમાં પડે એટલે પેલા અનંત પર્યાય દેખાય. એવી રીતે વાત નીકળી હતી, તો આમાંય પ્રિન્સિપલ છે કે જેમ બે અરીસા સામસામે રાખે ને, તો લાખો પ્રતિબિંબ દેખાય, વચ્ચે મૂકેલી વસ્તુના.

**દાદાશ્રી :** એ તો પાંચ લાખ ઘડાઓ મૂક્યા હોય ને દરિયા કિનારે, તો પાંચ લાખ ચંદ્ર દેખાય અને આખા સમુદ્રમાં એક જ દેખાય એવું છે આ.

**પ્રશ્નકર્તા :** પાંચ લાખ પ્રતિબિંબ પડવા માટે પ્રત્યેક ઘડો કામ કરે છે, જુદા જુદા ઘડા કામ કરે છે, તો આમાં શું કામ કરે છે ? કોણ કામ કરે છે ?

**દાદાશ્રી :** એ જુદા છે એ એક થઈ જાય એટલે એક જ દેખાય પાછું.

**પ્રશ્નકર્તા :** હા, પણ આમાં કોણ કામ કરે છે ? પાંચ લાખ ઘડા એ દરેક ઘડો જુદું જુદું પ્રતિબિંબ ઝીલે છે, એવી રીતે આપણા આની અંદર કોણ એવું છે વચ્ચે ?

**દાદાશ્રી :** આ ભાજનો. બધામાં આત્મા છે તે જુદું જુદું દેખાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એક જ છે બધી વસ્તુઓ નિશ્ચયથી, પણ વ્યવહારથી જુદા જુદા છે. ભાજન છે ત્યાં સુધી આત્મા જુદા જુદા છે, પરમાત્મારૂપે એક છે.

## અરીસામાં ઝળકે બદલાતી અવસ્થાઓ

આત્મા પોતે પોતાના સ્વક્ષેત્રમાં છે અને એનામાં આમ અવસ્થાઓ બધી બદલાયા જ કરે છે. કારણ કે અવસ્થા શી (રીતે) બદલાય છે, કે આપણે અહીંયા અરીસો હોય, તમે એક જણ આવો તો એકલા દેખાવ. બે જણા આવો તો બે દેખાય, ચાર જણા આવો તો...

**પ્રશ્નકર્તા :** ચારેય દેખાય.

**દાદાશ્રી :** હવે આ બધી અવસ્થાઓ બદલાઈ કે ના બદલાઈ ?

**પ્રશ્નકર્તા :** બદલાઈ.

**દાદાશ્રી :** તેનો ધર્મ બદલાયા કરે છે ને ગુણ બદલાતો નથી. એવું સિદ્ધ ભગવાનના આત્મામાં જગત ઝળકે છે ને જે ભાગના લોકો સૂઈ ગયા, એમનામાં કશું હાલે-ચાલે એ જુએ. એટલે આ સવારનો પહોર થાય તે પરથી આ ત્રણ-ચાર વાગે અનંત ભાગ વૃદ્ધિ હોય, એટલે સવારના થોડા માણસો હરતા-ફરતા દેખાય. પછી અસંખ્યાત ભાગમાં વૃદ્ધિ હોય. પછી સંખ્યાત ભાગમાં વૃદ્ધિ હોય. પછી સંખ્યાત ગુણ વૃદ્ધિ હોય. પછી અસંખ્યાત ગુણ વૃદ્ધિ અને અનંત ગુણ વૃદ્ધિ થાય. અને જો બાર વાગે ઝોલે ઝોલા (ટોળે ટોળા માણસોના હોય). આ બધું એમાં જ ઝળકે છે.

હવે અનંત ગુણ હાનિ આવશે પહેલી. પછી અસંખ્યાત ગુણ હાનિ આવશે. પછી સંખ્યાત ગુણ

હાનિ આવશે, પછી સંખ્યાત ભાગ હાનિ, પછી અસંખ્યાત ભાગ હાનિ અને અનંત ભાગ હાનિ. આ એનો ગુણધર્મ છે. એ બદલાયા જ કરે, નિરંતર આ જ બસ. પોતાને કશું કરવાનું નથી રહેતું. આ એનો ધર્મ બદલાયા કરે છે. એની અંદર ઝળકે. બોજો નથી, અરીસાને કંઈ બોજો હોય ખરો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આપણે ચાળા પાડીએ તો અરીસાને નુકસાન કે આપણને નુકસાન ? અરીસાને નુકસાન કહેવાય ? સમજવા જેવું છે.

## 'સ્વ'માં સ્વસ્થ, અવસ્થામાં અસ્વસ્થ

અરીસામાં ડુંગર દેખાય તો શું તેમાં કંઈ અરીસાને વજન લાગે ? તે આવી જ રીતે જ્ઞાનીઓને સંસાર અવસ્થાઓની કંઈ અસર થતી નથી.

જગત આખું અવસ્થામાં સ્વસ્થ રહે છે. વકીલને ત્યાં ગયો, તે વકીલ કહે, 'તું મારો અસીલ.' તે અસીલની અવસ્થામાં સ્વસ્થ થાય. મૂઆ, સ્વમાં સ્વસ્થ થા ! અવસ્થામાં અવસ્થિત થાય તો ક્યાંથી સ્વસ્થ રહી શકે ?

ગર્ભમાં આવ્યો ત્યાંથી અવસ્થામાં છે. 'હું'માં પડું એટલે અવસ્થામાં જાય છે અને 'સ્વ'માં સ્વસ્થ થયો એટલે પરમાત્મા. અવસ્થા માત્ર કુદરતી રચના છે, જેનો કોઈ બાપોય રચનાર નથી. એ કુદરતી રચના શું છે તે હું એકલો જ જાણું છું.

જે જે કંઈ પણ ટેમ્પરરી છે તે 'મારું ન્હોય' તેવું જે જાણે તે જ્ઞાન. બધા જ પર્યાય શુદ્ધ થયે અનંત જ્ઞાન કહેવાય. સૂક્ષ્મ સંયોગો તે બધા જ અનંત પર્યાયો છે. તે શુદ્ધ થયે અનંત જ્ઞાની કહેવાય.

બધા પર્યાયોને જાણવા જાય તો ક્યાં પાર આવે તેમ છે ? એના કરતાં તો 'હું આ છું' અને આ બધા પર્યાયો છે, એટલું જાણ્યું એટલે કામ જ નીકળી ગયું.

આત્માની વિભાવિક અવસ્થાથી રાગ-દ્વેષ છે અને સ્વભાવિક અવસ્થાથી વીતરાગ છે.

## અરીસાના દાખલાથી, ખોલ્યો અચળનો ભેદ

**પ્રશ્નકર્તા :** આત્મા અરીસા જેવો છે અને તમે એકવાર એવું પણ કહ્યું હતું કે જગત પણ અરીસા જેવું થયું છે, તે સમજાવશો.

**દાદાશ્રી :** આપણે અચળ છીએ જ પણ આપણામાં ચંચળતા અણસમજણથી ઊભી થઈ છે કે આ કોણ આવ્યું ? એટલે આપણે એને આમ કરવા જઈએ છીએ ત્યારે એય આમ કરવા જાય છે, એનું નામ જગત. આ જગત અરીસા જેવું થઈ ગયું છે. આ આંખો એવી છે ને, અરીસામાંથી જ જુએ છે અને પોતાની જ પ્રક્રિયા બધી દેખાય છે. પોતે પોતાની જ પ્રક્રિયાઓમાં સપડાયો છે, નહીં તો કોઈ એનું નામ દેનાર નથી. એટલે આપણે અચળ કઈ રીતે થઈ જવું એ રીત જાણવી જોઈએ. અહીંની રીત ખબર પડે છે, અહીં અરીસામાં તો ખબર પડે છે, તે અનુભવ થાય છે પણ સંસારમાં અનુભવ થતો નથી. આ અરીસા જેવો જ દાખલો છે. આ અરીસામાં જેમ બને છે ને, આ લોકો જેમ જેમ કૂદે છે તેમ અરીસામાં વધારે ને વધારે પોતાની જાત કૂદતી દેખાય અને આપણે બિલકુલ સ્થિર થઈ જઈએ એટલે સ્થિર થઈ જાય, પછી કશું નહીં. આપણે અચળ થઈ જઈએ તો એ અચળ થઈ જ જાય. આ સચર છે એ અચળ પરિણામી થાય એવા ભાવમાં આવીએ અને જેમ અરીસા પાસે આપણે ચેષ્ટા ન કરીએ તો દૃશ્ય કશું ચેષ્ટા નહીં કરે.

એવી રીતે જો કદી આને અચળ પરિણામી કરીએ તો અચળ થયા કરશે. જેમ અરીસા પાસે પોતે ચેષ્ટા કરે છે તે સચળ પરિણામી થાય. ચેષ્ટા ના કરે તો પોતે અચળ પરિણામી થાય. પણ એ પરમેનન્ટ નથી, આ રિલેટિવ અચળ છે. આ સચર છે તે રિલેટિવ અચળ થશે. હા, આ દૃશ્ય તો વિનાશી. તમે આત્મારૂપ થઈ ગયા, એટલે આ બધું ગૉન.

## સામાનું પ્રતિબિંબય પોતાની મહીં પડે

**પ્રશ્નકર્તા :** દાદા, કોઈવાર એવું થાય કે આપણે જ્ઞાન ગોઠવતા હોઈએ પણ ત્યાં કોઈક આવી પડે કે આપણા મનમાં બહુ જ ખરાબ વિચારનો ફોર્સ ઊઠે, ત્યારે હલી જવાય છે.

**દાદાશ્રી :** આત્માનો સ્વભાવ પ્રકાશસ્વરૂપ છે, તેથી તેમાં જગતનું પ્રતિબિંબ પડે છે.

પોતાને પ્રકાશ આપે અને સામાને પણ પ્રકાશ આપે. 'સામા' ઉપર પ્રકાશ પડે અને 'તને' જે દેખાય તેનું મૂંઝાઈશ નહીં. સામાનો પ્રકાશ તમને દેખાય, સામાનું મન કેવું છે તે દેખાય. લોભિયો આવ્યો હોય તો તેનો લોભ તમને દેખાય. બધા જ ફોટા સામાના પડે તેવું છે. કોઈ વખત ખરાબ વિચાર આવે તો તે તમારો નથી, સામાનો પડઘો છે. તમારો જ છે એમ માની ગભરાઈ ના જશો.

તે પરભાર્યું છે તે આપણામાં દેખાય છે. જેમ અરીસો છે ને, તે અરીસામાં જે દેખાય છે તે વસ્તુ બહાર છે ખરી. પોતે પ્રકાશિતભાવ છે એટલે મહીં દેખાય, પણ છે બહાર.

સ્વ-પર પ્રકાશિત સ્વભાવ છે એટલે એને અંદર દેખાય કે મારું હારુ મહીં પેસી ગયું આ ! ખરેખર મહીં પેસતું નથી. સ્વ-પર પ્રકાશક છે ને તે દેખાય ખરું, અમને હઉ દેખાય ને ! હવે અમે ક્યાં ગૂંચાઈએ કે અમને પેસી ગયું ! ના, પેસે જ નહીં, ને આ તો એનો સ્વભાવ છે, એટલે દેખાય મહીં.

આ અરીસામાં આપણે કહીએ, 'મહીં અંદર ના દેખાય એવું તું કરી નાખ.' ત્યારે કહે, 'ના, એ તો દેખાશે.' એ સ્વભાવને છોડે નહીં ને કોઈ-કોઈના ! આપણે સ્વભાવને જાણી જોવો જોઈએ.

બે પ્રકારના સ્વભાવઃ એક જાતિ સ્વભાવ અને એક છે પ્રકૃતિ, બસ. એક સ્વસ્વભાવ ને બીજું પ્રકૃતિ બસ. બીજું કશું જગતમાં છે જ નહીં.

## અરીસો શુદ્ધ થયે ભૂલો દેખાય

એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂલ રહિતનું ચારિત્ર કેવું હોવું જોઈએ ? એ મહીં દર્શનમાં હોવું જોઈએ. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂલ ન રહે એવું દર્શન હોવું જોઈએ, તો જ ભૂલ દેખાઈ ને ! દેખનારો 'ક્લીયર' (ચોખ્ખો) હોય તો જ દેખી શકે. તેથી અમે કહીએ છીએ ને કે ૩૬૦° વાળા જે ભગવાન છે ને તે સંપૂર્ણ 'ક્લીયર' છે અને અમારું 'અનક્લીયરન્સ' (અશુદ્ધિ) દેખાડે છે. આ જ્ઞાન મળ્યા પછી બધાંને 'બે' તો થાય જ. પેલામાં પણ 'બે' હોય છે. જેને જ્ઞાન ના મળ્યું હોય, તેનેય 'બે' હોય છે અને આ પણ 'બે' હોય છે.

આ જ્ઞાન પછી અંદર ને બહાર જોઈ શકે. તે અંદર ભૂલ વગરનું ચારિત્ર આ છે, એવું એ દર્શનમાં જોઈ શકે ! અને ભૂલ વગરનું ચારિત્ર જેટલું એનાં દર્શનમાં ઊંચું ગયું, એટલી છે તે ભૂલો એને દેખાય. મહીં જેટલું ટ્રાન્સપરન્ટ (પારદર્શક) ને ક્લીયર થયું, અરીસો શુદ્ધ થયો કે તરત મહીં દેખાય. એમાં ઝળકે ભૂલો ! ભૂલ વગરનું ચારિત્ર દર્શનમાં હોય, તે કહી આપે કે આ ભૂલ થઈ.

આ અરીસો છે તે એક જ જણનું મોઢું દેખાડે કે બધાના મોઢાં દેખાડે ? જે કોઈ મોઢું ધરે તેને દેખાડે. એવું અરીસા જેવું ક્લીઅરન્સ થઈ જાય ત્યારે કામનું !

## સામેવાળાનું પ્રતિબિંબ માનવું પરભાર્યું

આત્માનો સ્વભાવ કેવો છે ? દરેક વસ્તુ મહીં દેખાય, જેમ આયનામાં દેખાય તેવી રીતે. કોઈ બે-ચાર જણ આવ્યા હોય, તેમાં કોઈ માની હોય તોય તેનો ફોટો મહીં પડે. ત્યારે આપણને એમ લાગે આ માન અમારામાં નહોતું ને આવ્યું ક્યાંથી ?

આપણે અહીં બેઠા હોઈએ ને કોઈક આવે તો તેના લોભના-માનના પરમાણુની અસર પડે. જો આપણામાં હોય તો તે પહેલેથી ના દેખાય ?

લોક એટલે આપણો અરીસો છે, પોતાનું પ્રતિબિંબ જોવાનું સાધન. આ ભઈને મારાથી કંઈ પણ દુઃખ થાય તો જાણવું કે મારી ભૂલ થયેલી છે, એટલે હું ભૂલ સુધાર્યા વગર રહું નહીં. કંઈક વ્યવહારિક ભૂલ થઈ હોય તો સુધારવી તો પડે ને ? પણ એમાં કરવાનું કશું હોતું નથી, પણ જાણવાનું જ હોય છે.

કોઈ માણસને આપણે ન ગમતા હોય તો તે માણસ આપણને ભેગો થાય ત્યારે આપણી પરિણતિ બગડે, તે તો સામેવાળાને તાંતો છે તેથી તેની છાપ આપણને પડે છે. એ બધો પરભાર્યો માલ છે, આપણે જોવું અને જાણવું. આત્માની ઉપર પ્રતિબિંબ પડે, સામેવાળાનું.

## પ્રતિબિંબના પ્રતિભાસે ઊભી ભ્રાંતિ

**પ્રશ્નકર્તા :** સામેવાળાનું પ્રતિબિંબ પડે એ વિશે વધારે સમજાવશો.

**દાદાશ્રી :** આત્મા એવી પ્રકાશક વસ્તુ છે કે એની અંદર એનું એકલાનું નહીં પણ આખા જગતનું પ્રતિબિંબ પડે, પ્રતિભાસે. એટલે પોતાના મનમાં એમ થાય કે આ શું છે બધું ? કોણ કરે છે આ બધું ? એવી ગભરામણ થાય.

આત્મા દર્પણ જેવો છે, મહીં બધા જ પ્રતિબિંબ પડે. તે દેખીને ગભરાય છે કે આ કોણ કરે છે ? 'મેં કર્યું' એમ ભ્રાંતિ થઈ જાય છે.

આ જગત પોતાની અંદર દેખાય છે તે ઉપાધિ છે, તેનાથી જગત ઊભું થયું છે.

આત્મા વ્યવહારમાં આવ્યો છે, તે જગત તેના પ્રકાશમાં ઝળકે છે. ખરી રીતે આત્માના પ્રકાશમાં આખું જગત ઝળકે છે. અજ્ઞાનતાથી 'પોતે' કહે છે કે આ શું છે ? એટલે પોતે દ્રષ્ટા હતો, તે દ્રશ્ય થઈ ગયો !

લોકો બિંબ ને પ્રતિબિંબને સમજ્યા જ નથી, ઊંધું જ સમજ્યા છે. જો જગત બધું જ ચૈતન્યમય હોય તો પછી ઉપાધિ ક્યાંથી ?

આ અરીસાને પોતાને આ બધું જગત દેખાતું હોય, તે અરીસો પોતે જોનાર હોય, તો તેને કેટલી બધી ઉપાધિ થઈ જાય ? તેમ આ ચૈતન્ય પોતે જોનાર છે. જ્યારથી એ જાણે છે કે આ મારા સ્વભાવને લઈને આ બધી વસ્તુઓ પ્રકાશમાન થાય છે ને વસ્તુઓ તો બહાર જ છે, ત્યારથી પોતાનું સુખ ચાખે છે ને ઉપાધિઓ છૂટી જાય છે ! પછી આત્માનું સુખ જતું નથી.

આત્માની બાબતમાં 'આ' સમજાવું એ બહુ મોટી વસ્તુ છે ને 'જ્ઞાની' વગર સમજાય તેમ નથી, પણ તે નિમિત્તનું ઠેકાણું પડે તેમ જ નથી. આખું જગત તેથી મૂંઝાયું છે.

જ્ઞાની પુરુષ એટલે શું ? તમારો અરીસો. તમે જેવા છો, તેવું આ અરીસામાં રૂપ દેખાય.

ત્યાં વાર જ ના હોય ને કશુંય. કારણ કે એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ ને સ્વભાવ ચારેય રીતે સ્વમાં રહે છે. ખાલી અંગૂઠે અડ્યો તો પણ કલ્યાણ થાય !

જ્ઞાની પુરુષ મળ્યા પછી સ્વરમણતા આપે. પોતાનું સ્વનું ચાલુ થયું એટલે પછી રમણતા ચૂકે એ કચાશ કહેવાય. પોતાની રમણતા ચાલુ થયા પછી, સ્વરમણતા ઉત્પન્ન થયા પછી કાચો પડે એ ભૂલ કહેવાય.

## જ્ઞાતા-દ્રષ્ટાપૂર્વક જોતા આવે નિવેડો

આ જ્ઞાન પછી આપણા અનંત જ્ઞાન, અનંત દર્શન એવા ગુણો વડે આપણે આપણા ક્ષેત્રને જાણ્યું. એથી આપણે ક્ષેત્રજ્ઞ બન્યા.

હવે આપણે મહીં બે ભાગ; એક હોમ ડિપાર્ટમેન્ટ છે અને એક ફોરેન ડિપાર્ટમેન્ટ છે. હોમ ડિપાર્ટમેન્ટ સ્વક્ષેત્ર છે અને પરક્ષેત્રે, 'હું ચંદુ છું' એ પરક્ષેત્રતા. પોતાના ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ છે. (પોતે) ક્ષેત્રજ્ઞ અને આ (ચંદુ) ક્ષેત્ર છે. હવે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ બેના ભેદ પડી ગયા. જે ક્ષેત્ર છે તે ફોરેન ડિપાર્ટમેન્ટ છે અને સ્વક્ષેત્ર છે તે હોમ ડિપાર્ટમેન્ટ છે. હોમ ડિપાર્ટમેન્ટમાં નિરંતર રહેવું અને ફોરેનમાં સુપરફલુઅસ રહેવું.

આ અમે જ્ઞાન આપ્યા પછી, હોમ-ફોરેન (સ્વ-પર) બે જુદા પડ્યા. ત્યાર પછી અમે કહીએ છીએ કે જો તમે તમારું જ્ઞાતા-દ્રષ્ટાપણું ન ચૂકો તો તમે 'ફોરેન'ના જોખમદાર બિલકુલેય નથી.

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા-દ્રષ્ટાનું લક્ષ બરાબર બેસતું નથી. એ આવે છે અને જતું રહે છે.

**દાદાશ્રી :** જતું રહે એ તો. એ કાયમ રહેશે ને, ત્યારે ભગવાન થઈ ગયા હશો. આ જતું રહે છે, પણ એ પૂરું થશે ખરું. કારણ કે હજુ સંસારમાં બધા કાર્યો બાકી છે ને ! સંસારની ફાઈલો બધી બાકી છે કે નથી બાકી ?

**પ્રશ્નકર્તા :** બાકી છે હજુ.

**દાદાશ્રી :** એ ફાઈલો જેમ ઓછી થતી જશે તેમ એ લક્ષ વધારે વધારે બેસતું જશે. ફાઈલને લીધે અટક્યું છે બધું.

**પ્રશ્નકર્તા :** પોતાનામાં અવિરતપણે રહેવાય એવી કૃપા કરો. પુદ્ગલના દરેક સંયોગને પરપરિણામ જાણવામાં ક્ષતિ આવે છે.

**દાદાશ્રી :** આપણે જે પહેલાની ફાઈલો છે ને, એ ફાઈલોનો નિકાલ કરી નાખવાનો. કોઈ ક્ષતિ આવે ત્યાં આગળ સમજી જઈએ કે આ ફાઈલોને લીધે જ છે. એટલે જ્ઞાતા-દ્રષ્ટાપદમાં અવિરતપણે રહેવાતું નથી. તેનું કારણ એ જ છે, એક જાતની પાછલા હિસાબની ડખલ છે ફાઈલોની બધી. એટલે અવિરતપણું નથી રહેતું.

અક્રમ એટલે આ કારણ મોક્ષ જ થઈ ગયો કહેવાય. પણ આ જેટલા કર્મો બાકી રહ્યા છે, એનો જ્ઞાતા-દ્રષ્ટાપૂર્વક નિવેડો લાવવાનો છે ! જ્ઞાતા-દ્રષ્ટાપૂર્વક એ બધું 'જોતાં' નિવેડો આવે તો આત્યંતિક મોક્ષ થઈ જાય. બસ, બીજું કશું છે નહીં. પછી ગમે તેવા કર્મો હોય, ગમે તેવા ચીકણા હોય, ખરાબ હોય, પણ જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો એટલે છૂટ્યો.

## ટ્રાફિક ચૂકાવે 'જોવાનું'

**પ્રશ્નકર્તા :** જે પણ કંઈ મારું ડિસ્ચાર્જ આવે છે, એને હું ખાલી 'જોયા' કરું છું, બીજું કશું કરતો નથી. આ બરાબર છે ?

**દાદાશ્રી :** હં, બરાબર છે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન એકધારું કેમ રહેતું નથી ? ઉતરી જાય છે પાછું, પાછું ચઢે એવું કેમ ?

**દાદાશ્રી :** ના ઉતરે. એકવાર ચઢ્યા પછી ઉતરે નહીં. જ્ઞાન તો જ્ઞાન જ રહેવાનું. એકવાર જો આંધળો થઈ ગયો તો પછી દેખાતું બંધ થઈ જાય. આ તો પણ ફરી દેખાય છે ને ?

'કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.'

- શ્રીમદ્ રાજચંદ્ર

ભલે ને દેહ હોય પણ છતાં નિર્વાણ છે, કહે છે.

**પ્રશ્નકર્તા :** દાદા, અખંડ થવું બહુ અઘરું છે.

**દાદાશ્રી :** અરે, ખંડ થયું તેને અખંડ થતાં વાર ના લાગે. ખંડ જેને થયું, તેણે અખંડ થવાની ભાંજગડ નહીં કરવાની. એ અખંડ થવા માટે જ ખંડ થયું છે.

**પ્રશ્નકર્તા :** દાદા, આમાં એવું થાય છે કે પ્રવૃત્તિ કરતાં હોય તો શરૂ કરતાં પહેલાં એ ધ્યાન રહે. પછી પ્રવૃત્તિમાં પડ્યા એટલે ભૂલી જાય અડધો કલાક. પ્રવૃત્તિ પૂરી થાય એટલે પછી પ્રતીતિ થાય.

**દાદાશ્રી :** એવું છે ને, આ શેના જેવું છે ? તમને સમજાવું કે આપણે અહીં આગળ એક જગ્યાએ આ (વડોદરામાં) કોઠીના ઢાળ ઉપર, ચાર રસ્તા ઉપર એક મોટી ખુરશી નાખીને બધા બેઠાં ત્યાં આગળ. તે આપણે સામી બાજુ જોવું હોય તો બસ આવે તો પેલું દેખાય ? એટલે બસો આય-જાય કરે ત્યાં સુધી પેલું અખંડ ના દેખાય. અરે, બસો આવતી-જતી બંધ થઈ જશે. રાત પડી એટલે એની મેળે જ બસો બંધ થઈ જવાની, હડહડાટ.

**પ્રશ્નકર્તા :** દાદા, બાળપોથીનો દાખલો એકદમ કેમનો બધાને આપી દીધો !

**દાદાશ્રી :** હા, પણ શું થાય ? કામ લાગી જાય ને ! એને ભય લાગે છે કે હવે આ અખંડ ક્યારે થાય ! નથી ભય રાખવા જેવું. તે આ બધી બસો બંધ થઈ જશે એટલે આખું જ રહે, અખંડ જ. તારું જ્ઞાન તો અખંડ જ છે. આ બસો વાંધો ઊઠાવે છે અને બસોનો સંયોગ છે. તે સંયોગ પાછાં વિયોગી સ્વભાવના છે. એ ઝપાટાબંધ જતા રહેશે. હવે તું નવા સંયોગો ઊભા કરતો નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, દસ દહાડા બેસવું પડે આ બધું સમજવા માટે, તો આપે એક લીટીમાં સમજાવ્યું કે વચ્ચે બસો જ દોડે. આના ઉપરથી તો અમારે અનુભવ લેવા જેવો કે હવે શું કરવા ખોટું માથું ફોડ્યા કરીએ ?

**દાદાશ્રી :** બળ્યું, આ તમારો મોક્ષ જ છે. આ તો બસો આય-જાય કરતી હોય, તેમાં બસોવાળાને કશું ના કહેવાય આપણાથી ? આપણે મોક્ષને લઈને બોલાય નહીં. તે બે માળવાળીયે આવે, એક માળવાળીયે આવે. અને હાથી જતો હોય તો ના દેખાય પાછું. પણ હવે એ સંયોગો છે. એટલે જેટલા છે એટલા આવીને જતા રહે છે અને પછી એ અખંડ જ રહેશે. છે જ અખંડ. એટલે અખંડ નથી રહેતું, પણ કેટલાકને દાદા તો અખંડ રહે છે ને ?

એટલે આમ સમજણ પડી જાય ને, અખંડ ! જુઓ ને, કેટલો ગૂંચારો હતો કે આ ખંડિત થયું, હવે અખંડ ક્યારે થશે ? તે કોની બાધા રાખવી હવે ? અખંડ જ છે આ. તમને સમજાઈ ગયું અખંડ હવે ? અઘરું લાગતું'તું અને બહુ અઘરું, ઓહોહો ! આનો ક્યારે પાર આવશે ને ક્યારે

એ થશે ! આવી ગયેલો પાર ! એના અભ્યાસની જરૂર છે અહીં. આ અક્રમ વિજ્ઞાન છે તે એટલે ટચમાં આવવાની જરૂર. આ તો એક ફેરો મળે છે, તેની જાગૃતિ જતી નથી આ. એક ફેરો મને ભેગો થયો ને જ્ઞાન લીધું હોય તો એની જાગૃતિ જતી નથી.

હવે જ્ઞાતા-દ્રષ્ટા રહેવું તે જ ચારિત્ર. પણ એ તમારાથી રહેવાય નહીં. કારણ કે તમારે તો હજારો લફરાં. વચ્ચે બસો આય-જાય કર્યા કરતી હોય, એમાં શી રીતે જ્ઞાતા-દ્રષ્ટા રહો ? તમે કહો કે આ બસોને લીધે નથી દેખાતું કશું, છે ખરું પણ દેખાતું નથી બસોને લીધે. ત્યારે હું કહું કે 'બસો તમારી ગોઠવણી છે કે બીજા કોઈની ?' ત્યારે કહે, 'હા, એ તો મારી જ ગોઠવેલી.' મેં કહ્યું, 'બે માળની હઉ ગોઠવેલી ?' ત્યારે કહે, 'હા, બે માળની હઉ ગોઠવેલી.' તમે જ આ ગોઠવેલી બાજી. મારી બસો બધી બંધ થઈ ગઈ હોય ને તમારી તો ચાલુ જ છે ને !

**પ્રશ્નકર્તા :** પેલી બસનો ટ્રાફિક આવે એટલે દેખાતું બંધ થઈ જાય, તો હવે જોવાનું શું ?

**દાદાશ્રી :** જ્ઞેય દેખાય. આ આત્મા અરીસા જેવો છે. અરીસાની જગ્યાએ આત્મા મૂકો, તો અરીસામાં છે તે જ પેલું સામે હતી જે વસ્તુ. સામો આમ શણગાર કરેલો થાંભલો હતો. તે અરીસામાં દેખાતો કેમ બંધ થઈ ગયો ? થાંભલો મહીં ઝળક્યા કરે. તે ઝળકતો બંધ થઈ ગયો એટલે પેલો બૂમ પાડે કે મારા આત્મામાં આમ મહીં દેખાતું નથી હવે. ત્યારે કહે, ભઈ, વચ્ચે આ બસો જાય છે એટલે.

આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે. એટલે આમ આ આંખોની પેઠ નથી જોતો, આમ મહીં ઝળકે. જ્ઞાતા-દ્રષ્ટામાં તે કંઈ ક્રિયા કરવી પડે ? ઝળકે એટલે તો આ અરીસાને કશું મહેનત કરવી પડે ? અહીંથી આમ ગયો તે મહીં દેખાય.

લોક પૂછે કે આ આત્માએ બધું જ કર્યું ? ના. આ તો ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. એ કેવી રીતે ? અરીસા પાસે ઊભા રહો છો, ત્યારે તમારી ઇચ્છા ના હોય તોય 'એક્ઝેક્ટ' ઊભું થઈ જાય છે ને ! આત્માને ચાલવાની શક્તિ નથી, પણ પૂર્વપ્રયોગે કરીને સિદ્ધક્ષેત્ર સુધી જાય છે, પૂર્વપ્રયોગ એટલે 'ડિસ્ચાર્જ.'

આ અરીસામાં હાથ ઊંચો-નીચો કરો તો શી પ્રક્રિયા થાય ? તેવી જ પ્રતિક્રિયા થાય. અને બધી જ પ્રક્રિયા બંધ કરવી હોય તો શું કરવું પડે ? જગત બંધ કરવું હોય તો આપણે અચળ થઈએ તો એય અચળ થઈ જ જાય ! આપણે અચળ જ છીએ. પણ આપણામાં અણસમજણથી ચંચળતા ઊભી થઈ ગઈ છે.

આ સ્પંદન કેમ થાય છે ? 'ચંચળ'માં 'પોતે' તન્મયાકાર થાય છે તેથી. ચંચળ અને તન્મયાકાર થનાર એમ બે જુદા છે. તન્મયાકાર થનાર છે એ સ્વભાવથી અચળ છે અને આ 'ચંદુભાઈ' સચર છે. 'તમે' પોતે મૂળ સ્વરૂપે અચળ છો અને આ વચ્ચે જે છે તે તમારો 'ઈગોઈઝમ' છે.

જ્યારે એની આ માન્યતા ખોટી છે એવું ભાન થશે અને સાચી માન્યતા પ્રગટ થશે એટલે એ અચળ થઈ જશે. આ સચળ એ પાછું અચળમાં ભળી જશે, એક થઈ જશે.

જગતે માનેલો આત્મા, એ 'મશીનરી' (મિકેનિકલ) આત્મા છે ને પાછો ચંચળ છે. મૂળ આત્મા તો અચળ છે, એટલું સમજ્યા હોત તોય મોક્ષ થાત !

**- જય સચ્ચિદાનંદ**

## ज्ञानभक्ति पद

ये विश्व में सुख और शांति हो,
ऐसी करुणा कर देना।
दिल भीतर के सब तिमिर हरो,
तरणतारण परमात्मा।
ज्ञानांजन हे प्रकट पुरुष,
सिद्धेश्वर शिल्पी सन्मुख,
सब जीव को आतम प्राप्ति दियो,
निरावरणी व्यक्तात्मा।
– ये विश्व में सुख और शांति हो...

एक स्वभाव है प्रकाश का,
चाहे किसी भी दीप में हो,
पछ्छम – पूरब सूरज हो,
नि:ष्पक्षी हे किरणात्मा।
– ये विश्व में सुख और शांति हो...

नि:संशय ॐ महेश्वरा,
प्रफुल्लित स्वानंद उदयकरा,
शुद्ध अंत:स्तल की जगमग ज्योत,
केवल ज्ञान में स्थिर करना।
– ये विश्व में सुख और शांति हो...

भव–भय–भंजक मूल–शरण,
आप से कटते जन्म–मरण,
जब आयु अंतिम आ जाये,
त्वं सुचरणों में ले लेना।
– ये विश्व में सुख और शांति हो...

---

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના ઓનલાઈન સત્સંગ કાર્યક્રમો

**૧૪ થી ૧૬ મે - જર્મન મહાત્માઓ માટે શિબિર (અંગ્રેજીમાં)**

**૨૫ થી ૨૮ જૂન - અમેરિકાના મહાત્માઓ માટે શિબિર**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'ધાર્મમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- 'दूरदर्शन उत्तरप्रदेश' पर हर रोज सुबह 7-30 से 8, रात 8-30 से 9-30 **( हिन्दी में )**
- 'साधना' पर हर रोज सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 **( हिन्दी में )**
- 'उड़ीसा प्लस' पर हर रोज सुबह 7-30 से 8 **( हिन्दी में - केवल उड़ीसा राज्य में )**
- 'दूरदर्शन सह्याद्रि' पर हर रोज सुबह 7 से 7-30 **( मराठी में )**
- 'आस्था कन्नड़ा' पर हर रोज दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 **( कन्नड़ा में )**

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- 'Rishtey' पर हर रोज़ सुबह 7 से 7-30 तथा 8 से 8-30 EST (हिन्दी में)

## U K

- **'वीनस'** टीवी पर हर रोज़ सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey'** पर हर रोज़ सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30 am GMT)

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  ( ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯ , USA-૭૧૯** ) ( ગુજરાતી અને હિન્દીમાં )

મે ૨૦૨૧
વર્ષ-૨૬, અંક-૭
સળંગ અંક-૩૦૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## અરીસાની જેમ પોતાના સ્વભાવથી જ બધું પ્રકાશમાન

આ અરીસાને પોતાને આ બધું જગત દેખાતું હોય, તે અરીસો પોતે જોનાર હોય, તો તેને કેટલી બધી ઉપાધિ થઈ જાય ? તેમ આ ચૈતન્ય પોતે જોનાર છે. જ્યારથી એ જાણે છે કે આ મારા સ્વભાવને લઈને આ બધી વસ્તુઓ પ્રકાશમાન થાય છે ને વસ્તુઓ તો બહાર જ છે, ત્યારથી પોતાનું સુખ ચાખે છે ને ઉપાધિઓ છૂટી જાય છે ! પછી આત્માનું સુખ જતું નથી. આત્માની બાબતમાં 'આ' સમજાવું એ બહુ મોટી વસ્તુ છે ને 'જ્ઞાની' વગર સમજાય તેમ નથી, પણ તે નિમિત્તનું ઠેકાણું પડે તેમ જ નથી. તેથી આખું જગત મૂંઝાયું છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-99, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છાપી પ્રકાશિત કર્યું.